સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# શ્રી સ્વામિનારાયણ ચિંતન

એપ્રિલ-૨૦૦૬

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી
યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત અને ભવ્ય ૩૩મો

## જન્મજયંતી મહોત્સવ અને રંગપંચમીનો રંગોત્સવ - રાજકોટ

(તા. ૨૦-૩-૨૦૦૬, ફાગણ વદ - ૫, રંગપંચમી)



સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર



# શ્રી સ્વામિનારાયણ ચિંતન

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર વતી
કો. સ્વામી શ્રી વિરક્તસ્વરૂપદાસજી
તંત્રી : સાધુ દિવ્યસ્વરૂપદાસજી ❖ વર્ષ :- ૧, અંક :- ૧૧, તા. ૨૦-૪-૦૬

## :: અનુક્રમણિકા ::


૧ એક દિવ્યજીવનગાથા... (પ્રાગટ્ય ચિંતન) સાધુ અમૃતસ્વરૂપદાસજી તથા પા. રાજુભગત ... ૨

૨ રાજકોટમાં જન્મોત્સવ... સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી ... ૧૬

૩ સત્સંગ સમાચાર પત્રિકા.... (સંકલિત) ... ૨૦

૪ સત્સંગ શબ્દ મનોરંજન...(બાલ-યુવા સત્સંગ ચિંતન) પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત - સરધારછ ... ૨૮

૫ શ્રી સ્વા.સ્પેશ્યલ યાત્રા ટ્રેન... ... ૩૦

૬ રજત-દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ ... ૩૨





### :: સંસ્થાપક ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

### :: અધ્યક્ષ ::
પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ - વડતાલ

### :: પ્રયોજક ::
પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

આપ જો 'ઈન્ટરનેટ' સુવિધાથી સુવિદિત હો તો
**આજે જ ક્લીક કરો...**
**www.chintansardhar.com**

આધુનિક યુગમાં 'ઈન્ટરનેટ'ની સુવિધાથી આપ ઘેર બેઠા પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની આશીર્વાત્મક આજ્ઞાથી સરધાર મંદિર દ્વારા પ્રકાશિત 'શ્રી સ્વામિનારાયણ ચિંતન' અંકના ઓનલાઈન ગ્રાહક તેમજ ઓનલાઈન અંકને માણી શકશો. અને સાથે સાથે ઓનલાઈન સરધાર મંદિર દ્વારા પ્રસ્તુત પ.પૂ. લાલજી મહારાજની અમૃતવાણી, પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા અન્ય ધુન-કીર્તનની VCD, MP3 & Audio Sassette અને ધાર્મિક પુસ્તકો તેમજ પૂજા-સામગ્રી આદિક સાહિત્ય હવે તમો ઘેર બેઠાં વસાવી શકશો.

### :: લેખો અંગે પત્રવ્યવહાર ::
'ચિંતન કાર્યાલય'
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫

### :: લવાજમના દર ::

| | |
|---|---|
| વાર્ષિક લવાજમ | : રૂા. ૮૦/- |
| પંચવાર્ષિક | : રૂા. ૩૫૦/- |
| પચીસ વર્ષ લવાજમ | : રૂા. ૭૫૦/- |
| પરદેશમાં લવાજમ | : $ ૧૩૦ U.S.A. |
| | : £ ૧૦૦ U.K. |

### :: લવાજમ અંગે ગ્રાહક પત્રવ્યવહાર ::
શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫ ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
Visit us : www.sardhar.org ◆ E-mail : amrutdhara2003@yahoo.com


**પ્રાગટ્ય ચિંતન**

ભગવાન શ્રી સ્વામિનારાયણની
રજત દ્વિશતાબ્દી જન્મજયંતીએ

# એક દિવ્યજીવનગાથા

## ચૈત્ર સુદ - ૯ (હરિજયંતી)


સાધુ અમૃતસ્વરૂપદાસ તથા પા.રાજુ ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી (સરધાર)

આ સંસ્કૃતિનું આધાર સ્તંભ, જગદ્ગુરુ કહેવાતું આ ભારતનો ૨૦૦ વર્ષ પૂર્વનો સમય (૧૭મી તથા ૧૮મી સદી) તે કાળના વિરાટ વ્યાપમાં કોઈ મોટો સમયગાળો તો નથી, પરંતુ એટલું તો જરૂર છે કે ૨૦૦ વર્ષ પહેલાનું ગુજરાત અને ભારતનો ઈતિહાસને આંખે નિહાળીએ તો હૃદયને બેચેન બનાવી મૂકે તેવી ભયાનક અંધાધુંધીનો સમય મોગલોની તથા પેશ્વા રાજ્યનો અંત સાથે 'ઈસ્ટ ઈન્ડિયા કંપની'ની જામતી જતી સત્તા.

'જેના હાથમાં તેની બાથમાં' આ સ્થિતિ...

જેટલા જમીનદારો તેટલા રાજા, વહીવટી અવ્યવસ્થાને કારણે ગુંડાતત્ત્વોનો છૂટો દોર - રાજકીય ઝઘડાઓમાં ગાયકવાડ અને મરાઠાના તથા રજવાડાઓનાં અંદરોઅંદરના ધીંગાણાથી ખરડાતી લોહિયાળ રણભૂમિઓ - સત્તાલાલચુ સત્તાધીશોના કારમાં સંકજામાં પીલાતી પ્રજા! બધેથી એક જ પોકાર.....

ત્રાહિમામ્! ત્રાહિમામ્!

અમારી રક્ષા કરો! અમારી રક્ષા કરો!

અરે ! ખુદ પ્રજાના રક્ષકો જ ભક્ષકો બન્યા હતા. બ્રાહ્મણો યજ્ઞમાં માંસ ખાતા-ખવરાવતા, સાધુ-બાવાઓ ધર્મના નામે આડંબરો ચલાવતા, વ્યસનો અને વહેમોમાં રાચતા ને તેમાં જ ફસાવતા. સાથોસાથ પરધન- પરસ્ત્રીને માટે જ ધ્યાન ધરતા. ખરેખર તો સાધુસંતોને જ ધર્મને વળગી સમાજને ઉગારવાનો હોય, પરંતુ પોતે જ ત્યારે...તેથી તો...

''आग जले तो जल को कहुं, मगर जल जले तो कीसको कहुं.''

આ પરિસ્થિતિ સર્જાઈ હતી. બાળકોનું અપહરણ, સતીપ્રથા, બાળલગ્નો, વિધવા તિરસ્કાર, બાળકીને દૂધપીતી કરવી વગેરે આવી આવી અનેક અમાનુષિક પ્રથાઓ સમાજમાં પથરાઈ હતી. આમજોતા સમગ્ર ભારત અને ગુજરાત 'પોપાબાઈનું રાજ' કહેવાતું. જેથી તો વ્યભિચારનાં તો પંથો ચાલતા. યજ્ઞોમાં પણ માંસાહાર થતું. બાવાઓનાં ઝુંડ ફાવે તેમલૂંટફાટ, ચોરી, મારપીટ કરતા. આમ, સર્વત્ર અધર્મ ફેલાય ચુક્યો હતો. ત્યારે એક નવયુગના પ્રભાતી સૂર્યના ઉદયની તાતી જરૂરિયાત હતી.

બસ આવા જ સમયે...

દુર્ભેદ્ય અધર્મ અંધકારના ચૂરેચૂરા કરી સદ્ધર્મને સ્થાપવા... અનેક સાચા સંતો, ઋષિમુનિઓ તથા ભક્તોના ભાવોને પૂર્ણ કરવા તથા ગાય-બ્રાહ્મણોનું અને સત્શાસ્ત્રોનું રક્ષણ કરી સમગ્ર સમાજને નવપલ્લવિત કરવા તેમજ અનેક સત્શાસ્ત્રોના સત્‌વચનોને સાર્થક કરવા...જેવા કે...

'यदा यदा ही धर्मस्य, ग्लानी र्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधुनाम्, विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥'

(શ્રીમદ્ ભગવદ્ ગીતા)

જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય, અધર્મની વૃદ્ધિ થાશે, સાધુ-બ્રાહ્મણોનો વિનાશ થાય તેવા દુષ્કૃત્યો સર્જાશે ત્યારે

ત્યારે ધર્મનું સ્થાપન કરવા દરેક યુગે યુગે હું જન્મને ધારણ કરીશ.

'किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा, आभीरकंग्का यवनाः खसादयः ।
येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः, शुध्यन्ति तस्मै प्रभविष्णवेनमः ॥'

(શ્રીમદ્ ભાગવત : ૨/૪/૧૮)

કિરાત, હુણ, આન્ધ્ર, પુલિન્દ, પુલ્કસ, આહિર, કણબી, મુસ્લીમ, ખવાસ આદિક જાતિઓ તથા બીજા પાપી અનેકોને શરણાગત બનાવી પવિત્ર કરશે. એવા કળિકાળે અવતરણ કરનાર સર્વ શક્તિમાન ભગવાનને વારંવાર નમસ્કાર છે.



'अन्योऽपि धर्मरक्षायै, देहः संभ्रियतेमया ।
विरामायाप्यधर्मस्य काले, प्रभवतः क्वचित् ॥'

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૫૦/૧૦)

સદ્ધર્મના રક્ષણાર્થે તથા અધર્મના ઉચ્છેદને માટે દરેક યુગમાં શરીરનું ધારણ કરું છું.



'कृतादिषु प्रजा राजन्, कला विच्छन्ति संभवम् ।
कलौ खलु भविष्यन्ति, नारायण परायणाः ॥'

(શ્રીમદ્ ભાગવત : ૧૧/૫/૩૮)

સત્યુગ, ત્રેતાયુગ તથા દ્વાપરયુગની દરેક પ્રજાજન એવું ઈચ્છે છે કે અમને કળિયુગમાં જન્મમળે. કારણ કે સ્વામિનારાયણ ભગવાનના અનેક શરણાગતો થાશે. તેમની સાથે અમો પણ એ નારાયણના ભક્ત બનીએ.

'दत्तात्रेयो कृत योगे, त्रेतायां रघुनंदनः ।
द्वापरे वासुदेव स्यात्, कलौ स्वामी वृषात्मजः ॥' (બ્રહ્માંડપુરાણ)

સત્યુગમાં દત્તાત્રેય રૂપે, ત્રેતાયુગમાં રામચંદ્રરૂપે, દ્વાપરયુગમાં કૃષ્ણરૂપે તથા કળિયુગમાં 'સ્વામિનારાયણ' સ્વરૂપે ધર્મદેવના પુત્ર બની ભગવાન જન્મને ધારણ કરશે.



'पांखड बहुले लोके, स्वामिनाम्ना हरिः स्वयं ।
पापपंकनिमग्नं, तत्जगदुद्धार यिष्यति ॥' (ગરુડપુરાણ)

સમગ્ર લોકમાં પાખંડની વૃદ્ધિ થાશે ત્યારે સ્વયં હરિ 'સ્વામિનારાયણ' નામથી પ્રગટ થઈ પાપોનો નાશ કરી પુરા જગતનો ઉદ્ધાર કરશે.

'धर्मदेव तदामूर्तौ, नरनारायणात्मना ।
प्रवृतोऽपि कलौ ब्रह्मन्, भूत्वाहं सामगो द्विजः ॥'

(વાસુદેવ માહાત્મ્ય)

ધર્મદેવ તથા ભક્તિદેવીને માતા-પિતા બનાવી નરનારાયણને શાપના નિમિત્ત બનાવી કળિયુગમાં સામવેદી બ્રાહ્મણકુળે સ્વયં ભગવાન અવતરશે.



भूम्यां कृतावतारोऽयं, सर्वानेतान् जनानहम् ।
पाप यिष्यामि वैकुंठं, सहजानंदनामतः ॥' (વિશ્વકસેન સંહિતા)

સર્વે જનોને પાપમાંથી ઉગારી સદ્ધર્મી બનાવીને પોતાનું ધામ અપાવવાને માટે 'સહજાનંદ' નામથી કળિયુગમાં સ્વયં ભગવાન અવતારનું ધારણ કરશે.

'महाधर्मान्वये पूण्ये, नाम्ना पापविनाशके ।
हरिप्रसादविप्रस्य, स्वामिनाम्ना हरिः स्वयं ॥' (વિષ્ણુધર્મોત્તર)

મહાન સદ્ધર્મનું સ્થાપન કરી, પુણ્યની વૃદ્ધિ કરવા, પાપનો નાશ કરવા હરિપ્રસાદ (ધર્મદેવ)ના ઘેરે 'સ્વામિનારાયણ' નામથી સ્વયં પરબ્રહ્મ સર્વોપરી ભગવાન અવતારનું ધારણ કરશે.

'धर्मदेवात् तदा भक्तावहं नारायणो मुनिः ।

जनिष्ये कौशलदेशे भूमौ हि सामगो द्विजः ॥' (સ્કંદ-પુરાણ)

કૌશલદેશના સામવેદી બ્રાહ્મણ ધર્મદેવના ઘેરે 'નારાયણમુનિ' નામથી ભક્તોના ભાવોને પૂર્ણ કરવા આ પૃથ્વી પર કળિયુગમાં ભગવાન સ્વયં પ્રગટ થશે.

આવા અનેકાનેક સત્શાસ્ત્રોના સત્વચનોને સાકાર સ્વરૂપ આપવા તથા અનેક તામસી-રાજસી-સાત્ત્વિક જીવોને બ્રહ્મરૂપ કરી પોતાનું પરબ્રહ્મ સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવી આત્યંતિક મોક્ષ અપાવવાને કાજે ઉત્તરભારતના અયોધ્યા નજીક આવેલા **નાનકડા 'છપૈયા' ગામમાં આજથી બરાબર ૨૨૫ વર્ષ પહેલા એક સહજાનંદરૂપી સૂર્યનો ઉદય થયો. સં.૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, ઈ.સ. ૧૭૮૧ - ૩ એપ્રિલ ને સોમવારના દિવસે રાત્રે દસને દસ ઘડીએ પૂર્ણ પુરુષોત્તમ બાળપ્રભુ 'ઘનશ્યામ' રૂપે પ્રગટ્યા.**

પવિત્ર સરવરિયા બ્રાહ્મણકુળમાં માતા ભક્તિદેવી (પ્રેમવતી), પિતા ધર્મદેવ (હરિપ્રસાદ) તથા સાવર્ણી ગોત્ર, સામવેદ, શાખા કૌથમી, ભાર્ગવ-સાવેતસ-વૈતવ્ય આ ત્રણ પ્રવર તથા મોટાભાઈનું રામપ્રતાપ તથા દાદાનું નામ બાલશર્મા હતું. બાળપ્રભુને ત્રણ મામા-મામી હતા. ૧. વશરામમામા - લક્ષ્મીમામી. ૨. સુબોધમામા - સુંદરીમામી. ૩. ઘેલામામા - સુરજામામી અને બે માસી-માસા હતા. ૧. બલધિદેવ - ચંદનમાસી. ૨. સરદાર પાંડે - વસંતા માસી હતા. આવા મહાપવિત્ર કુળે સ્વયં અવતારીએ અવતરણ કરી સમગ્ર ભારત જ નહિ પરંતુ પૂરા બ્રહ્માંડને પવિત્ર કર્યું.


મહાપ્રભુ સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણ લગભગ કુલ ૧૭૯૬૦ દિવસ આ પૃથ્વી પર રહ્યા તે જોઈએ તો...



આવા અનેકાનેક સત્શાસ્ત્રોના સત્વચનોને સાકાર સ્વરૂપ આપવા તથા અનેક તામસી-રાજસી-સાત્ત્વિક જીવોને બ્રહ્મરૂપ કરી પોતાનું પરબ્રહ્મ સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન કરાવી આત્યંતિક મોક્ષ અપાવવાને કાજે ઉત્તરભારતના અયોધ્યા નજીક આવેલા **નાનકડા 'છપૈયા' ગામમાં આજથી બરાબર ૨૨૫ વર્ષ પહેલા એક સહજાનંદરૂપી સૂર્યનો ઉદય થયો. સં.૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, ઈ.સ. ૧૭૮૧ - ૩ એપ્રિલ ને સોમવારના દિવસે રાત્રે દસને દસ ઘડીએ પૂર્ણ પુરુષોત્તમબાળપ્રભુ 'ઘનશ્યામ' રૂપે પ્રગટ્યા.**

## કુલ ૪૧૦૫ દિવસ ઘનશ્યામ નામથી...

☞ ૧૨૬૧ દિવસ છપૈયાની ધરતી ઉપર...



- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૯, તા. ૩-૪-૧૭૮૧ સોમવાર, રાત્રે ૧૦-૧૦ સમયે જન્મ તથા જાતકર્મ સંસ્કાર.

- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૧૦, તા. ૪-૪-૧૭૮૧ના સવારે પુત્ર જન્મઉત્સવ-આનંદ.

- ૧૮૩૭ ચૈત્ર સુદ - ૧૪, તા. ૭-૪-૧૭૮૧ શનિવાર - છઠ્ઠીના દિવસે સવારે બાળપ્રભુ શ્રી ઘનશ્યામે કૃત્યાને પરાજીત કરી.

- ૧૮૩૮ અષાઢ વદ -૭, તા. ૧૩-૭-૧૭૮૧ ગુરુવાર, માર્કન્ડેય ઋષિ દ્વારા બાળપ્રભુનો નામકરણ સંસ્કાર. કર્કરાશીમાં જન્મ હોવાથી ત્રણ નામ રાખ્યા : ૧. હરિ ૨. કૃષ્ણ ૩. હરિકૃષ્ણ.

- સં. ૧૮૩૮ શ્રાવણ સુદ - ૧, તા. ૩૧-૭-૧૭૮૧ મંગળવાર, પાંચમાં માસમાં ભૂમિઉપવેશન સંસ્કાર વિધિ કરાવ્યો.

- સં. ૧૮૩૮ આસો સુદ - ૨, તા. ૧૯-૯-૧૭૮૧ બુધવાર, છટ્ઠા મહિનાના પ્રવેશે અન્નપ્રાશ સંસ્કાર વિધિ કરાવ્યો. ત્યારબાદ ધર્મદેવે બાળપ્રભુની પરીક્ષા લીધી.

- સં. ૧૮૩૮ આસો સુદ - ૧૫, તા. ૨-૧૦-૧૭૮૧ મંગળવાર ના પવિત્ર દિવસે છપૈયા બાલપ્રભુનો કર્ણવેધ સંસ્કાર કરાવ્યો. ત્યારબાદ મોટાભાઈ રામપ્રતાપભાઈના લગ્ન થયા, સુવાસીનીબાઈ બાળપ્રભુના ભાભી બન્યા. તરગામના દુબે બલદેવ સરવરિયા બ્રાહ્મણ રામપ્રતાપભાઈના સસરા થયા.

- સં.૧૮૩૯ જેઠ વદ - ૫, તા. ૧૯-૬-૧૭૮૩ ગુરુવારે બાલપ્રભુ શ્રી ઘનશ્યામનો ચૌલ સંસ્કાર વિધિ સવારે કરવામાં આવ્યો. તે જ દિવસે બાલપ્રભુએ અસુરરાજા કાલિદત્તનો વધ કરેલો. અને બાલપ્રભુ બાર સ્વરૂપે થઈને બાર માતાઓની ગોદમાં રમ્યા હતા.

- સં. ૧૮૪૦ આસો સુદ - ૯ના શુભ દિવસે બાલપ્રભુ તથા ધમદેવ કુટુંબ પરિવાર સાથે છપૈયાથી આજે સરયુ નદી પાર કરીને અયોધ્યામાં બરહટ્ટ શેરીમાં નિવાસ કર્યો. કુલ ૩ વર્ષ ને ૬ માસ સુધી છપૈયામાં રહ્યા.

☞ **અયોધ્યામાં કુલ ૨૮૪૪ દિવસ રહ્યા.**

સં. ૧૮૪૨ ચૈત્ર સુદ -૨, તા. ૩૧-૩-૧૭૮૬ શુક્રવાર. બાલપ્રભુએ પાંચવર્ષની ઉંમરે પિતા ધર્મદેવ પાસે વિદ્યા-અભ્યાસનો પ્રારંભ કર્યો.

સં. ૧૮૪૨ વૈશાખ સુદ - ૨, તા. ૩૦-૪-૧૭૮૬ રવિવાર. બ્રાહ્મમૂર્હુતમાં પ્રાતઃકાળે ઈચ્છારામજીનો જન્મ. (બાલપ્રભુશ્રીના નાનાભાઈ)

સં. ૧૮૪૪ ફાગણ સુદ - ૧૦, તા. ૧૭-૩-૧૭૮૮ સોમવાર. ઉપવીત સંસ્કાર દિવસ : બાલપ્રભુ શ્રી ઘનશ્યામને યજ્ઞવિધિ કરીને જનોઈ આપી. આજે આઠમું વર્ષ ચાલતુ હતું.

- અયોધ્યામાં બાલપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે રામપ્રતાપભાઈને અનેક રૂપે દર્શન આપેલા, સુવાસીની ભાભીની વીંટી ચોરી લીધેલી, તરગામના ખેતરમાં ચીભડાના વેલાની લીલા કરેલી, તળાવના કિનારા પરના વૃક્ષનો ખાપો સાથળે લાગેલો, મીન સરોવરે માછલાને સજીવન કરેલા વગેરે અનેક લીલાઓ કરેલી છે. સાથોસાથ પિતા ધર્મદેવ સાથે કાશી જઈ વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરી પરાસ્ત પણ કરેલા અને અયોધ્યાના મલ્લોને પણ પરાજય કરેલા.

સં. ૧૮૪૮ કાર્તિક સુદ - ૧૦, તા. ૫-૧૧-૧૭૯૧ શનિવારે માતા ભક્તિદેવીને બાલપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે હરિગીતા રૂપી ઉપદેશ આપી પોતાના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન કરાવી દિવ્યગતિ આપી.

ત્યારબાદ પિતા પાસેથી વેદ-વેદાંત, ગીતા-ઉપનિષદો-પુરાણોનો સંપૂર્ણ અભ્યાસ કરી એક ગુટકો ત્યાર કરી પિતાજીને બતાવી ધર્મદેવની પ્રસન્નતા પ્રાપ્ત કરેલ. પછી પિતાને પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવી સં. ૧૮૪૮ જેઠ વદ - ૪, તા. ૮-૬-૧૭૯૨ શુકવારે દિવ્યગતિ આપી.







બાલપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે સર્વમાંથી ઉદાસીનતા ગ્રહણ કરીને આખરે ૧૧ વર્ષ, ૩ માસ ને ૧ દિવસ ઘરે રોકાઈ...

સં. ૧૮૪૯ અષાઢ સુદ -૧૦, તા. ૨૯-૬-૧૭૯૨ના રોજ હંમેશાને માટે અયોધ્યાનો ત્યાગ કરી વનની ગેહરી વાટે ચાલી નીકળ્યા... આમ, લગભગ ૪૧૦૪ દિવસો ઘેરે રહ્યા.

## નીલકંઠ વર્ણીરૂપે દિવ્ય વન વિચરણ
## કુલ દિવસ : ૨૬૧૨

નભોમંડલમાંથી અષાઢી મેઘની વર્ષા સમગ્ર ભારતની ભૂમિપર છવાઈ રહી હતી. એક તરફ હિમાલયને છોડીને વિશાળ મેદાનોમાં વહેતી સરયુ નદી બેઉ કાંઠે ગાંડીતૂર બનીને સમુદ્ર તરફ ધસમસતી વહેતી હતી. ચાતુર્માસની ભક્તિભરી મોસમનાં મંડાણ થવામાં માત્ર એક જ દિવસની વેળા બાકી હતી.

અષાઢ સુદી દશમની વહેલી પ્રભાતે બ્રાહ્મમુહૂર્ત થયું ત્યારે અયોધ્યાના બરહટ્ટા વિસ્તારમાંથી એ ફૂલસમી કોમળકાયા, મેઘની વરસતી ઝડીઓને ખુલ્લા શરીરે ઝીલતી ઉતાવળે સરયુ તરફ ધસી રહી હતી. કોઈ પોતાનો પીછો ન કરે એટલે એ માસુમબાળકે ખતરનાક રસ્તો લીધો.


ગાંડીતૂર બનેલ સરયુ નદીમાં ઝંપલાવીને એ બાળયોગીએ સમયની રેત પર જે ડગલાં માંડ્યા.

ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો ! અને ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા ! ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર કૌપીનભર, મૃગચર્મ, શાલીગ્રામ, સર્વશાસ્ત્રોનો સારરૂપ ગુટકો, માળા, કમંડળુ, પાણી ગાળવાનું વસ્ત્ર વગેરે આટલી વસ્તુ સાથે લઈને ચાલી નીકળ્યા....

...અનેક સાધકોને સાધના રૂપે સ્વદર્શન દેવાને કાજે, ઘણાક દિવસ ફરતા ફરતા...

- સં. ૧૮૪૯ શ્રાવણ સુદ -૧, તા. ૨૯-૪-૧૭૯૨ રવિવાર - હરિદ્વાર.

- સં. ૧૮૪૯ શ્રાવણ વદ - ૮, તા. ૧૦-૮-૧૭૯૨ શુક્રવારે એક વટવૃક્ષ નીચે રાત્રિનિવાસ તથા શ્રી હનુમાનજી દ્વારા ભૈરવનો પરાજય.



- સં. ૧૮૪૯ ભાદરવા સુદ - ૪, તા. ૨૧-૮-૧૭૯૨ મંગળવાર - નીલકંઠ વર્ણી આજ રોજ લક્ષ્મણ ઝુલામાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ ભાદરવા વદ - ૧ થી ૩૦, તા. ૧-૯-૧૭૯૨ થી ૧૬-૯-૧૭૯૨ સુધી આ સમય દરમ્યાન નીલકંઠ વર્ણી ગુપ્તપ્રયાગ અને કેદારનાથમાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ આસો સુદ - ૯, તા. ૨૪-૯-૧૭૯૨ સોમવાર, આજ રોજ વર્ણી બદ્રિનાથમાં વિચરણ કરતા હતા.

- સં.૧૮૪૯ કાર્તિક વદ - ૮, તા. ૭-૧૧-૧૭૯૨ બુધવાર, આજ રોજ નીલકંઠ વર્ણી બદરિકાશ્રમમાં ઋષિમુનિઓને સ્વદર્શન દેવાને કાજે પધાર્યા હતા.

- સં.૧૮૪૯માં નીલકંઠ વર્ણી માનસ સરોવર (ચીન)માં વિચરણ કરતા હતા.

- સં. ૧૮૫૦ ભાદરવા સુદ - ૮ના રોજ ઋષિકેશમાં વિચરણ કરતા હતા.

હિમાલયના બર્ફિલા પહાડોની વચ્ચે ઘણાક દિવસ ફરતા ફરતા...

- સં. ૧૮૫૦ કારતક સુદમાં તા. ૧૪-૧૧-૧૭૯૩ ગુરુવારે પુલહાશ્રમમાં બે મહિના અને ૨૦ દિવસ ઘોર તપશ્ચર્યા કરી હતી.

- સં. ૧૮૫૧માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા ગોપાળયોગીના આશ્રમમાં રહી દશ માસ યોગવિદ્યા શીખ્યા હતા.

- સં. ૧૮૫૨માં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા નવલખા પર્વત ઉપર જઈ વર્ષોથી સાધના સાધતા નવલાખ યોગીઓને સાધનાના ફળરૂપે સ્વદર્શન દેવા પધાર્યા.

- સં. ૧૮૫૩ કારતક સુદ - ૧માં બંગાળમાં સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને દર્શન દેવા પધાર્યા હતા.


- સં. ૧૮૫૩ કારતક સુદ - ૧૫ થી જેઠ મહિના સુધીમાં નીલકંઠ વર્ણી વન વિચરણ કરતા પૂર્વથી દક્ષિણ ભારત તરફ કામાક્ષીદેવીના મંદિરે પિબેકનો ઉદ્ધાર કરી, જગન્નાથપુરી (ઓરીસ્સા)આવ્યા. ત્યાં દશ માસ રોકાયા અને ત્યાં અનેક અસુરોને પરસ્પર મરાવી માનસપુર આવ્યા.ત્યાં સત્રધર્મારાજાને દર્શન આપી વેંકટાદ્રિ (તીરૂપતિ બાલાજી-આંધ્રપ્રદેશ) આવ્યા. ત્યાં સેવકરામને કૃતઘ્ની જાણી ત્યાગ કરી આગળ ચાલતા ચાલતા ઘણા ઉપવાસ થયા તેથી શરીરમાં લોહીનું બુંદ રહેવા ન પામ્યું. વાગે તો પાણી નીસરે આવી કઠોર તપશ્ચર્યા કરતા મહાપ્રભુ નીલકંઠ વર્ણી ઘોરજંગલમાં આવ્યા ત્યારે કાપડી વેશમાં શિવ-પાર્વતીએ સાથવો જમાડ્યો. ત્યાંથી કાંચીપુર, શ્રીરંગક્ષેત્ર આવ્યા, ત્યાંથી રામેશ્વર, ભૂતપુરી, (તામિલનાડુ) વગેરે તીર્થસ્થળોમાં વિચરણ કરતા હતા.


- સં. ૧૮૫૪માં કન્યાકુમારી, લંબેનારાયણ, પદ્મનાભ, જનાર્દન, આદિકેશવ, શ્રીરંગપટ્ટમ્, યાદવગિરિ, મેલુકોટે, કિષ્કિંધા, સ્ફટિકશિલા, ચક્રતીર્થ, શબરીવન, પંપાસર, પંઢરપુર વગેરે સ્થાનોમાં નીલકંઠ વર્ણી વિચરણ કરતા હતા.

- સં. ૧૮૫૫માં પુના, નાસિક, દંડકારણ્ય, ત્રંબકેશ્વર થઈ ગુજરાતની ધરતીમાં પ્રવેશ કરતા સુરત શહેરમાં પધાર્યા હતા. તાપી નદી, નર્મદા નદી, મહિ નદી ઉતરી...

સં. ૧૮૫૫ ફાગણ સુદ - ૧, તા. ૧૭-૩-૧૭૯૯ સોમવારે નીલકંઠ વર્ણી વડતાલે પ્રથમવાર પધાર્યા. ત્યાંથી બુધેજ તથા સાબરમતી નદી ઉતરી ભીમનાથ-ભાવનગર થઈ ગોપનાથ આવ્યા. ત્યાંથી તુલશીશ્યામ, ગુપ્તપ્રયાગ, લોઢવા, પ્રભાસ થઈ જૂનાગઢ ગીરનારે પધાર્યા.

સં. ૧૮૫૬ શ્રાવણ વદ - ૬, તા. ૨૧-૮-૧૭૯૯ ગુરુવારના રોજ માંગરોળ થઈ વિશ્વના નકશામાં ટપકું પણ ન આવે તેવું આ ગામઅનંતકોટિ બ્રહ્માંડના ધણીને જાણે કે સાદ કરીને બોલાવી રહ્યું છે ! વિરલ પરિવ્રાજકની યાત્રાને વિસામો નહીં, પણ વિરામઆપવા તેની ધરતી જાણે ખોળો પાથરીને બેઠી છે એવું સોરઠનું અતિ ભાગ્યશાળી ગામ લોયેજ(લોજ)માં પધાર્યા.





આમ, ૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ(કુલ દિવસ : ૨૬૧૨)માં માત્ર ૧૧ થી ૧૮ વર્ષની કિશોરવયમાં તેઓએ વન-પર્વતો સહિતના પ્રદેશોને આવરી લેતી આશરે ૧૨,૫૦૦ કિ.મી.ની યાત્રા પગરખાં વિના, એક કૌપીનભર અને કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલ પંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણની સમગ્ર ધરતી પર એ વિરલ પરિવ્રાજકના પદારવિંદ ઘૂમી વળ્યા હતા.

આશરે ૨૬૧૨ દિવસના આ દીર્ઘ પ્રવાસમાં તેઓએ ભારત, ચીન, નેપાળ, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત૭ દેશોમાં વિચરણ કર્યું હતું.

ભારત દેશનાં ૧૬ રાજ્યોના ૨૫૦થી વધુ ગામોને, શહેરોને પાવન કર્યા હતા.

ત્યારે વર્ણીની ઉંમર હતી... ૧૮ વર્ષ, ૪ માસ ને ૧૨ દિવસ.

પછી લોજમાં મુક્તાનંદ સ્વામીનો સૌપ્રથમમેળાપ થયો. (ત્યારે મુક્તાનંદ સ્વામીની ઉંમર ૪૧ વર્ષ, ૭ માસ ને ૧૪ દિવસની હતી.) અને નીલકંઠ વર્ણીની પૃથ્વી ઉપર પધાર્યાના ૬૭૧૮ દિવસ થયા હતા.

...પછી લોજમાં નીલકંઠ વર્ણીમાંથી સર્જુદાસરૂપે બન્યા.

## સર્જુદાસ નામથી... કુલ દિવસ : ૪૩૩

☞ **સર્જુદાસરૂપે મુક્તાનંદ સ્વામી સાથે.... કુલ દિવસ : ૩૦૧**

લોજમાં સૌપ્રથમપાંચ ભેદના સ્વરૂપનો શાસ્ત્રાર્થ કરી સર્જુદાસે મુક્તાનંદ સ્વામી આદિક ૫૦ સંતોને અષ્ટાંગ યોગ શીખવ્યો.

- સં. ૧૮૫૬ ફાગણ વદ - ૫, તા. ૧૫-૩-૧૮૦૦ રવિવાર. સર્જુદાસે તથા મુક્તાનંદ સ્વામીએ બંને સાથે પત્રો લખી ભૂજ મોકલાવ્યા.

લોજમાં રહેતા થકા સર્જુદાસે મુક્તાનંદ સ્વામી આદિક સંતોની સાથે જન્માષ્ટમી, જલજીલણી એકાદશી, વામનદ્વાદશ, વિજયાદશમી, શરદપૂર્ણિમા, દિવાળી, અન્નકુટ, પ્રબોધની એકાદશી, વસંતપંચમી, શિવરાત્રી, હોળી-ફુલદોલોત્સવ વગેરે અનેક ઉત્સવો કર્યા.

- સં. ૧૮૫૬ ચૈત્ર સુદ - ૯ (રામનવમી)નો ઉત્સવ કર્યો ત્યારે સર્જુદાસના ૧૯ વર્ષ પૂર્ણ થયા.

લોજપુરમાં આશ્રમમાં સર્જુદાસરૂપે રહીને...

- પાણી ભરવું...
- સફાઈ કરવી...
- ભિક્ષા માંગવા જવું...
- છાણ લાવવું...
- વાસણ માંજવા...

વગેરે ઘણી સેવાઓ કરતા. સાથોસાથ અનેક ઐશ્વર્ય પણ બતાવતા મીંઢી આવળ તથા લવિંગીયા તીખા મરચાના ગોળા બનાવી જમતા. શીલ ગામમાંથી ૧૬ મણ ચીભડાની ગાંસડી લાવ્યા વગેરે અનેક લીલાઓ કરેલી.

સંતોને ધ્યાન શીખવતા, સ્ત્રી-પુરુષની સભા અલગ કરાવી, આશ્રમની અને બાજુમાં આવેલ ગૃહસ્થના ઘર વચ્ચે દિવાલ તેમાં ગોખલો હતો તે પુરાવ્યો, તેવા અનેક કાર્ય કરી-કરાવી મુક્તાનંદ સ્વામી આદિક સંતોને સાધુતા શીખવતા ૧૦ માસ ને ૬ દિવસ પુરા થયા ત્યારે...

- સં. ૧૮૫૬ જેઠ વદ - ૧૨, તા. ૧૮-૬-૧૮૦૦ ગુરુવારના રોજ પીપલાણા ગામે નરસિંહ મહેતાને ઘેરે સૌપ્રથમવાર સર્જુદાસ અને ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામીનો મેળાપ થયો.

ત્યારે રામાનંદ સ્વામીની ઉંમર ૬૧ વર્ષ, ૧૦ માસ ને ૪ દિવસની હતી. જ્યારે સર્જુદાસની ઉંમર ૧૯ વર્ષ, ૨ માસ ને ૧૮ દિવસની હતી. ત્યારે સર્જુદાસને પૃથ્વી પર પધાર્યાનો





૭૦૧૯મો દિવસ હતો.

☞ ૨૧૪૦રામાનંદ સ્વામી અને સર્જુદાસ. કુલ દિવસ : ૧૩૨

આખોય ચાતુર્માસ પીપલાણામાં જ રહ્યાં. ત્યાં રહ્યા થકા સર્વે ચાતુર્માસના ઉત્સવો ઉજવ્યા. અને છેલ્લે પ્રબોધનીનો ખૂબ મોટો ઉત્સવ કર્યો.

- સં. ૧૮૫૭ કાર્તિક સુદ - ૧૧, તા. ૨૮-૧૦-૧૮૦૦ બુધવારના રોજ પીપલાણાં સર્જુદાસને રામાનંદ સ્વામીએ ભાગવતી દિક્ષા આપી 'સહજાનંદ સ્વામી' અને 'નારાયણમુનિ' એવા બે નામો રાખ્યા.

## સહજાનંદ સ્વામી નામથી.... કુલ દિવસ : ૪૩૦

મકરસંક્રાંતિનો ઉત્સવ ભાડેરમાં કર્યો, કાલવાણીએ વસંતપંચમીનો ઉત્સવ કર્યો, ફુલદોલોત્સવ માણાવદરમાં કર્યો.

- સં. ૧૮૫૭ ચૈત્ર સુદ - ૯ (રામનવમી)નો ઉત્સવ ધોરાજીમાં કર્યો. ત્યારે સહજાનંદ સ્વામીના વીશ વર્ષ પુરા થયા.

ત્યારબાદ ચાતુર્માસના દરેક ઉત્સવો ઉજવતા સદ્. રામાનંદ સ્વામી સાથે કુલ ૩૮૫ દિવસ સહજાનંદ સ્વામી શિષ્ય તરીકે રહ્યા.


- સં. ૧૮૫૮ કાર્તિક સુદ - ૧૧ (પ્રબોધીની એકાદશી), તા. ૧૬-૧૧-૧૮૦૧ સોમવારે જેતપુરમાં ઉન્નડ રાજાના દરબારમાં રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ગાદી સોંપી ને પુરા સંપ્રદાયની જવાબદારી આજથી સહજાનંદ સ્વામીના શિરે આપી ત્યારે સહજાનંદ સ્વામી ઉંમર ૨૦ વર્ષ, ૭ માસ ને ૨ દિવસની હતી. આટલી નાની ઉંમરે સર્વેના ગુરુ બન્યા. ત્યારે સહજાનંદ સ્વામીને પૃથ્વી પર પધાર્યાનો ૭૫૩૯મો દિવસ હતો.

☞ રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામી. કુલ દિવસ : ૩૨

ગાદી સંભાળ્યા બાદ બંને વિચરણ કરતા કરતા ફરેણી પધાર્યા.

- સં. ૧૮૫૮ માગશર સુદ - ૧૩, તા. ૧૭-૧૨-૧૮૦૧ ગુરુવારે ફરેણીમાં આજ રોજ રામાનંદ સ્વામી અંતર્ધાન થયા ત્યારે રામાનંદ સ્વામીની ઉંમર ૬૩ વર્ષ, ૩ માસ ને ૨૦ દિવસની હતી.

- સહજાનંદ સ્વામી રામાનંદ સ્વામી સાથે કુલ ૧ વર્ષ, ૫ માસ ને ૧૬ દિવસ રહ્યા. આ સમયે સહજાનંદ સ્વામી ઉંમર ૨૦ વર્ષ, ૮ માસ, ૪





દિવસની હતી. અને આ પૃથ્વી પર પધાર્યાનો આજે ૭૫૬૮મો દિવસ હતો.

ત્યારબાદ રામાનંદ સ્વામીના ચૌદમાના દિવસે...

- સં. ૧૮૫૮ માગશર વદ - ૧૧, તા.૩૧-૧૨-૧૮૦૧ ગુરુવારે એજ ફરેણી ગામમાં વિશાળ સભામાં મહારાજે પોતાના સ્વમુખે ધર્મનો ઉપદેશ આપ્યો. સાથોસાથ સૌ સંતો-હરિભક્તોને આદેશ આપ્યો કે આજથી બધાને 'સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કરવો અને તે જ મંત્રનું ભજન કરવું.

આમ, સંપ્રદાયમાં માગશર વદ - ૧૧ એકાદશીનો દિવસ 'સ્વામિનારાયણ મહામંત્ર દિન' તરીકે પ્રસિદ્ધિ થયો. તો હવે જોઈએ...

## સ્વામિનારાયણ નામથી... કુલ દિવસઃ ૬૫૩૫

હવેથી સહજાનંદ સ્વામી 'સ્વામિનારાયણ' નામે...

સાથોસાથ રામાનંદ સ્વામીનો સ્થાપેલ ઉદ્ધવ સંપ્રદાય પણ હવેથી 'સ્વામિનારાયણ સંપ્રદાય' તરીકે પ્રસિદ્ધિ પામ્યો.

તે જ દિવસે સૌપ્રથમ સ્વહસ્તે જરણા-પરણાના રહેવાસી શીતળદાસ કરીને મુમુક્ષુને દિક્ષા આપી 'વ્યાપકાનંદ' નામરાખ્યું.

**હવે જોઈએ ભગવાન શ્રી સ્વામિનારાયણનું સાલવાર દિવ્ય સત્સંગ વિચરણ તવારીખ**

☞ **વિ.સં. ૧૮૫૮**


ફરેણી ગામથી મહારાજ ધોરાજી પધાર્યા. ત્યાંથી પીપલાણા, માણાવદરથી માંગરોળ પધાર્યા. ત્યાં દેવીવાળા મગ્નીરામને શરણે લઈ સાધુ કર્યા. અદ્વૈતાનંદ સ્વામી નામરાખ્યું. ત્યારથી ઐશ્વર્યના દોર છૂટા મુક્યા. સમાધિ પ્રકરણની શરૂઆત કરી, દરેક મનુષ્યોને પોતપોતાના ઈષ્ટદેવરૂપે દર્શન આપી, દરેક દેવ તથા અવતારોને પોતાના સ્વરૂપમાં લીન કર્યા. આમ, ઘણાક મુમુક્ષુઓને ભગવાન શ્રી સ્વામિનારાયણની સર્વોપરીતાના દર્શન થયા.

- ફાગણ સુદ - ૧૫, હુતાશની-ફૂલડોળનો ઉત્સવ માંગરોળ કર્યો.

- ચૈત્ર સુદ - ૯ રામનવમીનો ઉત્સવ માંગરોળ કર્યો. ત્યારે મહારાજના ૨૧ વર્ષ પુરા થયા.

માંગરોળમાં જ ગર્વગંજન શ્રીજી મહારાજે મેઘજીતના ગર્વને સારીપેઠે તોડી તેનો જીવ ચાર દિવસથી બ્રહ્મરંધ્રમાં રૂંધાયો હતો તેને તેમાંથી ઉગારી તેને પોતાનું ઐશ્વર્યદર્શન કરાવ્યું.

☞ **વિ.સં. ૧૮૫૯**



- અષાઢ સુદ - ૨, રથયાત્રાનો ઉત્સવ માંગરોળમાં કર્યો.

- શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ માંગરોળમાં કર્યો.

- ભાદરવા સુદ - ૧૧, જલજીલણીનો ઉત્સવ માંગરોળમાં કરી કાલવાણી ગામે મહારાજ પધાર્યા.

- આસો સુદ - ૧૫, શરદપૂનમનો ઉત્સવ કાલવાણીમાં કરી ત્યાંથી મહારાજ લોજ ગામે પધાર્યા.

- આસો વદ - ૩૦, દિવાળીનો ઉત્સવ લોજમાં કર્યો.

- કારતક સુદ -૧, અન્નકુટનો ઉત્સવ લોજમાં કરી ફરી મહારાજ કાલવાણી પધાર્યા.

- કારતક સુદ - ૧૦, શુક્રવાર તા. ૫-૧૧-૧૮૦૨ના દિવસે મુક્તાનંદ સ્વામીની શંકાનું સમાધાન કરવા રામાનંદ સ્વામીએ ખાખરાના વનમાં મુક્તાનંદ સ્વામીને દર્શન આપી શ્રીજી મહારાજનો નિશ્ચય કરાવ્યો ત્યારે મુક્તાનંદ સ્વામીએ મહારાજની 'જય સદ્‌ગુરુ સ્વામી' આરતી સૌપ્રથમવાર ઉતારી.

- કારતક સુદ - ૧૧, પ્રબોધની એકાદશી સભામાં હરબાઈ-વાલબાઈને મહારાજે વિમુખ કર્યા.

- માગશર સુદ - ૧૩ના દિવસે રામાનંદ સ્વામીને ધામમાં ગયાનું એક વર્ષ થયું ત્યારે વર્ષી વાળવાનો ઉત્સવ મહારાજે સરધારમાં કર્યો. ત્યારે મહારાજને પૃથ્વી પર પધાર્યાનો ૭૯૨૮મો દિવસ હતો.

☞ **વિ.સં. ૧૮૬૦**

- શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ માણાવદરમાં કરી આસો મહિનામાં મહારાજ મેઘપુર પધાર્યા. ત્યાં દંતિયાના દિનમણી શર્માને દિક્ષા આપી 'નિત્યાનંદ સ્વામી' નામરાખ્યું.

- આસો વદના સર્વે ઉત્સવો ભાડેર ગામમાં કર્યા.

- કારતક સુદ - ૧૧, પ્રબોધની ઉત્સવ મોડા ગામે કર્યો.

- કારતક સુદ - ૧૫, પૂનમનો ઉત્સવ અલૈયા ગામે કર્યો.

- મહા સુદ - ૫, વસંતપંચમીનો ઉત્સવ શેખપાટ ગામે કર્યો.

- મહા સુદ - ૬ના દિવસે લાલજી સુથારને આધોઈ ગામે દિક્ષા આપી 'નિષ્કુળાનંદ સ્વામી' નામરાખ્યું.

- ફાગણ સુદ - ૧૫, હુતાશની-ફૂલડોળ ઉત્સવ ભૂજ ગામે કર્યો.

- ચૈત્ર સુદ - ૯, રામનવમીનો ઉત્સવ ભૂજ ગામે કર્યો. ત્યારે મહારાજના ૨૩ વર્ષ પુરા થયા.

- સરધારમાં પધારી સુંદરજી સુથારને સાધુ કર્યા અને ફરી મુક્તાનંદ સ્વામીની વિનંતીથી ગૃહસ્થ કર્યા. તેમજ સરધારના તેલંગી યુવાન બ્રાહ્મણને સાથે રાખી (નાના) 'ગોપાળાનંદ' એવું નામરાખ્યું.

☞ **વિ.સં. ૧૮૬૧**

- અષાઢ સુદમાં સરધાર ગામે મહારાજ પધાર્યા. ત્યારે મહારાજની ઉંમર ૨૩ વર્ષ અને ૩ માસની હતી.

ત્યાંના રાજવી તુંગજીત અને વેરજીતના અતિ આગ્રહથી ચાતુર્માસના ચાર મહિના સુધી રહ્યા થકા મહારાજે રથયાત્રા, દેવશયની એકાદશી, જન્માષ્ટમી, જલજીલણી એકાદશી, શરદપૂનમ, વિજયાદશમી, દિવાળી, અન્નકુટ, પ્રબોધની વગેરે ઘણાક ઉત્સવો કર્યા. સાથોસાથ માછલાઓને સમાધિ તથા સરોવરમાં સંતો-ભક્તોની સાથે સમુહ સ્નાન વગેરે લીલાઓ કરી. તથા સરધારના રાજવી તુંગજીત અને વેરજીતના દરબારગઢના લીંબવૃક્ષ નીચે ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે સહિત ભક્તિ સભર કથા-વાર્તા કરી સરધારગામના ભક્તોને ખૂબ સુખ આપ્યું. તથા લોભ તે જ નરકનું દ્વાર છે તેવું સાબિત કર્યું. અને સૌપ્રથમવાર સર્વોપરી ઉપાસનાની વાત અહિંથી શરૂ કરી.

- કારતક સુદ - ૧૨ના દિવસે મહારાજ કારિયાણી ગામે પધાર્યા.

- મહા સુદ - ૫, વસંતપંચમીનો ઉત્સવ કારિયાણી ગામે કર્યો.





- મહા સુદ - ૧૧, તા. ૧૦-૨-૧૮૦૫ રવિવારના દિવસે સૌપ્રથમવાર મહારાજ કારિયાણીથી ગઢપુર એભલખાચરના દરબારમાં પધાર્યા. ત્યારે મહારાજની ઉંમર ૨૩ વર્ષ, ૧૦ માસ ને ૩ દિવસની હતી. ત્યારે મહારાજને પૃથ્વી પર પધાર્યાનો ૮૭૧૭મો દિવસ હતો. તેમના પુરા પરિવારના પ્રેમને આધિન બની મહારાજ પોતાનું ઘર ગઢપુરને માની હંમેશને માટે વિશેષે કરીને નિવાસ કરીને રહેતા.

☞ **વિ.સં. ૧૮૬૨**

-ચાતુર્માસના દરેક ઉત્સવો મહારાજે ગઢપુરમાં કર્યા.

- મહા સુદ - ૫, વસંતપંચમીનો ઉત્સવ ભૂજમાં કર્યો.

- મહા વદ - ૧૧, એકાદશીનો ઉત્સવ ઊંઝા ગામે કર્યો.

- ફાગણ વદ - ૩, તા. ૭-૩-૧૮૦૬ શુક્રવારે ગઢપુરમાં દાદાખાચરના ઉતરાદા બારના ઓરડાના ગોખલામાં વાસુદેવનારાયણની મૂર્તિ સૌપ્રથમવાર પધરાવી પ્રતિષ્ઠા ઉત્સવ કર્યો. (જે મૂર્તિ હાલ મંદિરમાં શ્રી ગોપીનાથજી મહારાજના ડાબા ભાગના દેરામાં દર્શન આપે છે.)

- ચૈત્ર સુદ - ૯, રામનવમીનો ઉત્સવ ગઢપુરમાં કર્યો. ત્યારે મહારાજના ૨૫ વર્ષ પુરા થયા. પછી મહારાજ સોરઠ દેશમાં વિચરણ કરવા પધાર્યા.

☞ **વિ.સં. ૧૮૬૩**

- કારતક સુદ - ૧, અન્નકુટનો ઉત્સવ ગઢપુરમાં કરીને મહારાજે એક પત્ર લખાવ્યો. જે ખગોળ-ભુગોળનું વચનામૃત તરીકે સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. તા. ૧૧-૧૧-૧૮૦૬, મંગળવારના દિને આ પત્ર લખેલ છે.

- શ્રીજી મહારાજ સરધારપુરમાં પધારી માંકડનો મોક્ષ કર્યો એ આદિક અનેક લીલાઓ કરી છે.

પછીથી મહારાજ ગઢપુર, સોરઠ, ભૂજ, અમદાવાદ, વડતાલ વગેરે સ્થાનોમાં વારંવાર પધારી પોતાની મૂર્તિનું સુખ આપી નિત્ય નવા ઉત્સવો કરીને ભક્તોને આનંદિત કરતા. હવેથી મુખ્ય મુખ્ય મહત્ત્વના મુદ્દાને જોઈશું.

☞ **વિ.સં. ૧૮૬૪**

- કારતક વદ - ૮ તા. ૨૩-૧૧-૧૮૦૭ સોમવારના દિવસે ટોડલાના ખુશાલ ભટ્ટને ગઢપુરમાં દિક્ષા 'ગોપાળાનંદ સ્વામી' નામરાખ્યું.

- રાજકોટના રાજા સુરરાજજીના આમંત્રણથી ગઢપુરથી રાજકોટ પધાર્યા ત્યારે શ્રીજી મહારાજે રામાનંદ સ્વામીનો જૂનો શિષ્ય બોદા કમાનગરને પ્રાયશ્ચિત આપી શરણે લીધો વગેરે લીલાઓ કરી છે.

☞ **વિ.સં. ૧૮૬૫**

- પોષ સુદ - ૮ તા. ૨૩-૧૨-૧૮૦૮ રવિવારના દિવસે જેતલપુરમાં મહારાજે ૧૮ દિવસનો યજ્ઞ કર્યો.

☞ **વિ.સં. ૧૮૬૬**

- પોષ સુદ -૨, ડભાણ ગામે બહુ મોટો યજ્ઞ કરી જોબનપગીને ઐશ્વર્ય બતાવી હરિભક્ત કર્યા તથા શતાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને દિક્ષા આપી.

અને યજ્ઞમાં સરધારપુરથી તેમજ સોરઠના અન્ય ગામોથી હજારો સંઘો આવ્યા હતા.

☞ **વિ.સં. ૧૮૬૭**

- શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે અગતરાયમાં કર્યો.

- ભાદરવા સુદ - ૧૧, જલજીલણીનો ઉત્સવ મહારાજે જૂનાગઢમાં કર્યો.


- પંચાળાથી સૂરપ્રભાદેવીને રામપર મળવા જતા વચ્ચે સરધાર રોકાણ કર્યું.

- કારતક સુદ - ૧, અન્નકુટ ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

-પોષ વદ - ૫, જેતલપુરમાં યજ્ઞ કર્યો.

☞ **વિ.સં. ૧૮૬૮**





- શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે કરિયાણામાં કર્યો.

- ભાદરવા સુદ - ૧૧, જલજીલણીનો ઉત્સવ મહારાજે સારંગપુરમાં કર્યો.

- કારતક સુદ - ૧, અન્નકુટ ઉત્સવ મહારાજે બુધેજમાં કર્યો.

☞ **વિ.સં. ૧૮૬૯**

-અષાઢમાં ભગવાન શ્રીહરિ ગઢપુરમાં છાના-છૂપા રહ્યા.

-અષાઢ સુદ - ૧૧, દેવશયની એકાદશી મેથાણમાં કરી.

શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે બોટાદમાં કર્યો.

- ભાદરવા સુદ - ૧૧, જલજીલણીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

- કારતક સુદ - ૧, અન્નકુટ ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

☞ **વિ.સં. ૧૮૭૦**

શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

- ભાદરવા સુદ - ૧ના રોજ વરજાંગ જાળિયામાં શ્રીજી મહારાજ એક માસ સુધી મંદવાણ ગ્રહણ કર્યો.

- કારતક સુદ - ૧, અન્નકુટ ઉત્સવ મહારાજે ગઢપુરમાં કર્યો.

☞ **વિ.સં. ૧૮૭૧**

- શ્રાવણ વદ - ૮, જન્માષ્ટમીનો ઉત્સવ મહારાજે કરજીસણમાં કર્યો.

- અમદાવાદ, જેતલપુર, ગઢપુર, બામરોલી, વલાસણ, વડતાલ વગેરે ગામોમાં ઉત્સ-સમૈયા કરી ભક્તજનોને સુખ આપ્યું.

☞ **વિ.સં. ૧૮૭૨**

- મહારાજે ધરમપુર પધારી કુશળકુંવરબાના ભાવને આધીન થઈ મયુરમુગટ ધારણ કર્યો.

આમ, મહારાજે વિ.સં. ૧૮૫૮ થી ૧૮૭૫ સુધી રાત્રિ-દિવસ જોયા વગર અનેક શહેરો તથા ગામડામાં વિચરણ કરી પોતાના અવતાર ધર્યાનું પ્રયોજનને સાર્થક કરતા હતા.

## શ્રીજી મહારાજ નામથી... કુલ દિવસ : ૩૮૪૫

- શ્રીજી મહારાજ નામતો નંદસંતોનું પાડેલું નામછે. નંદસંતો હેત અને પ્રેમથી પુલકિત બની મહારાજને શ્રીજી મહારાજ કહી બોલાવતા. જેથી તો વચનામૃતોના પરથારામાં ૧૦૮ વખત શ્રીજી મહારાજ નામલખાયેલું છે તેમજ સંબોધાયેલું છે. તેથી વચનામૃતની શરૂઆતથી જ મહારાજને 'શ્રીજી મહારાજ' નામથી સંબોધીશું.

☞ **વિ.સં. ૧૮૭૬**

- માગશર સુદ - ૪, તા. ૨૦-૧૧-૧૮૧૯ રવિવારના દિવસથી વચનામૃતોની શરૂઆત કરી ત્યારે મહારાજની ઉંમર ૩૮ વર્ષ, ૭ માસ ને ૨૫ દિવસની હતી. ત્યારે મહારાજને પૃથ્વી પર પધાર્યાનો ૧૪,૧૦૩ મો દિવસ હતો.

☞ **વિ.સં. ૧૮૭૭**

- શ્રાવણ વદ - ૫, તા. ૨૮-૮-૧૮૨૦ મંગળવારના દિવસથી મહારાજે સારંગપુરના વચનામૃતોની શરૂઆત કરી.


- ભાદરવા સુદ - ૧૨, તા. ૧૯-૯-૧૮૨૦ બુધવારે કારિયાણીમાં મહારાજે વચનામૃતોની શરૂઆત કરી.


- કારતક વદ - ૧૦, તા. ૩૦-૧૧-૧૮૨૦ શુક્રવારે લોયા પધારી મહારાજે વચનામૃતોની શરૂઆત કરી. તથા શાકોત્સવ કર્યો.

- ફાગણ સુદ - ૪, તા.૭-૩-૧૮૨૧ ગુરુવારે પંચાળા પધારી મહારાજે વચનામૃતોની શરૂઆત કરી.

- જેઠ સુદ - ૧૫, તા. ૧૫-૬-૧૮૨૧ શનિવારથી મહારાજે ગઢડા મધ્ય પ્રકરણના વચનામૃતોની શરૂઆત કરી.

- પોષ સુદ - ૧૫થી મહા સુદ - ૧૫ સુધી એક મહિનો





મહારાજે ચાંદ્રાયણ તથા માઘ સ્નાન ભક્તોના ઉપદેશને માટે કર્યું.

☞ વિ.સં. ૧૮૭૮

- ફાગણ સુદ - ૩, તા. ૨૪-૨-૧૮૨૨ રવિવારના રોજ મહારાજે અમદાવાદમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અને શ્રી નરનારાયણ દેવની આગળ મહારાજ દંડવત્ કરતા બોલ્યા કે, કોઈ ભરમાશો નહિ અમો તો તમોને શીખવવા માટે વંદન કરીએ છીએ પણ આ નરનારાયણ દેવ છે તે બદ્રિકાશ્રમમાં અમારું ધ્યાન કરે છે. (સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો નં.૧૦૦)

અને મહારાજે કાંકરીયા તળાવે બ્રાહ્મણોની ચોરાશી કરાવી. પછી ત્યાંથી મહારાજ ગઢડા પધાર્યા.

☞ વિ.સં. ૧૮૭૯

- વૈશાખ સુદ - ૫, તા. ૧૩-૫-૧૮૨૩ શુક્રવારના રોજ ભૂજ મંદિરમાં શ્રી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી.

☞ વિ.સં. ૧૮૮૧

- કારતક સુદ - ૧૨, તા. ૩-૧૧-૧૮૨૪ ગુરુવારે વડતાલમાં શ્રી લક્ષ્મીનારાયણાદિક દેવો તથા પોતાનું સ્વસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા કરી.

- મહા સુદ - ૩ના દિવસે મુક્તાનંદ સ્વામીએ શ્રીજી મહારાજની આજ્ઞાથી વડોદરાના વિઠ્ઠલનાથજીના મંદિરમાં વિદ્વાનોની સાથે શાસ્ત્રાર્થ કરી મહારાજનો વિજય કર્યો.

- મહા સુદ - ૧૦, તા. ૨૯-૧-૧૮૨૫ રવિવારે ભટ્ટવદર ગામે દાદાખાચરનો રથ હાંકી મહારાજે બીજીવાર દાદાખાચરના લગ્ન કરાવ્યા.

☞ વિ.સં. ૧૮૮૨

- કારતક સુદ - ૧૧, તા. ૨૧-૧૧-૧૮૨૫ મંગળવારના દિવસે શ્રીજી મહારાજે બંને આચાર્યોની સ્થાપના કરી ત્યારે મહારાજની ઉંમર ૪૪ વર્ષ, ૭ માસ ને ૨ દિવસની હતી. ત્યારે મહારાજને પૃથ્વી પર પધાર્યાનો ૧૬, ૨૯૫ મો દિવસ હતો. તે જ દિવસે ગોમતી કાંઠે વડતાલના વચનામૃતોની શરૂઆત કરી.

- મહા સુદ - ૫, વસંતપંચમી, તા. ૧૨-૨-૧૮૨૬ના રોજ વડતાલના હરિમંડપમાં મહારાજે શિક્ષાપત્રીનું આલેખન કર્યું.

- મહા વદ - ૧૧, તા. ૪-૩-૧૮૨૬ રવિવારથી અમદાવાદના વચનામૃતોની શ્રીજી મહારાજે શરૂઆત કરી.

- વૈશાખ સુદ - ૧૩, તા. ૧૯-૫-૧૮૨૬ શનિવારના દિવસે ધોલેરા મંદિરમાં શ્રી મદનમોહનજી મહારાજની પ્રતિષ્ઠા કરી.

- વૈશાખ વદ - ૧૧, તા. ૧-૫-૧૮૨૬ શુક્રવારથી ગઢડા અંત્ય પ્રકરણના વચનામૃતોની શરૂઆત કરી.

☞ વિ.સં. ૧૮૮૩

- માગશર સુદ - ૧૫, તા. ૧૪-૧૨-૧૮૨૬ શુક્રવારે દેશ-વિભાગનો લેખ મહારાજે લખાવ્યો.

☞ વિ.સં. ૧૮૮૪

- વૈશાખ વદ - ૨, તા. ૧-૫-૧૮૨૮ ગુરુવારે જૂનાગઢમાં શ્રી રાધારમણ દેવની પ્રતિષ્ઠા કરી.

જૂનાગઢથી ગઢપુર જતા રસ્તામાં સરધારપુરમાં પધારી ભવિષ્યમાં મંદિર થવાનું વરદાન આપ્યું.

☞ વિ.સં. ૧૮૮૫

- આસો સુદ - ૧૨, તા. ૨૦-૧૦-૧૮૨૮ મંગળવારે ગઢપુરમાં શ્રી ગોપીનાથજી આદિક દેવોની પ્રતિષ્ઠા કરી.

- માગશર સુદ - ૬ના દિવસે ગઢપુરમાં શતાનંદ સ્વામીએ 'સત્સંગિજીવન' ગ્રંથ લખવાની શરૂઆત કરી.

☞ વિ.સં. ૧૮૮૬

- અષાઢ વદ - ૧૦, તા. ૨૫-૧-૧૮૨૯ રવિવારે વચનામૃતોની પૂર્ણાહુતિ થઈ.

- ફાગણ સુદ - ૫, તા. ૨૬-૨-૧૮૩૦ના દિવસે રાજકોટમાં સરમાલ્કમને શ્રીજી મહારાજે હસ્તલિખીત





શિક્ષાપત્રી ભેટ આપી.

- જેઠ સુદ - ૧૦, તા. ૧-૬-૧૮૩૦ મંગળવારના રોજ મધ્યાહન સમયે શ્રીજી મહારાજ સ્વધામમાં પધાર્યા.

કુલ - ૨૮ વર્ષ ૫ મહિના ને ૨૭ દિવસ સંપ્રદાયના ગુરુપદે શ્રીજી મહારાજ રહ્યા.

અને કુલ પૃથ્વી પર ૪૯ વર્ષ, ૨ માસ ને ૧ દિવસ રહ્યા. જેના કુલ દિવસો લગભગ ૧૭, ૯૬૦ દિવસ જે રહ્યા તેને મહારાજના જ માનુષીક સમય અને લીલાને અનુસાર જુદાં જુદાં નામથી દિવસોને જોઈએ તો...

૪૧૦૫ દિવસ ઘનશ્યામનામથી...(આ નામછપૈયાવાસી સ્ત્રીઓ તથા ભક્તિમાતાનું પાડેલું નામહતું.)

૨૬૧૨ દિવસ નીલકંઠ વર્ણી નામથી... (આ નામવનના ઋષિઓનું પાડેલું નામછે.)

૪૩૪ દિવસ સર્જુદાસ નામથી... (આ નામલોજવાસી મુક્તાનંદ સ્વામી આદિક સંતોનું પાડેલું નામછે.)

૪૩૦ દિવસ સહજાનંદ સ્વામી નામથી... (આ નામસદ્. રામાનંદ સ્વામીનું પાડેલું નામછે.)

૬૫૩૫ દિવસ સ્વામિનારાયણ નામથી... (આ નામસ્વયં મહારાજે આપેલું નામછે.)

૩૮૪૫ દિવસ શ્રીજી મહારાજ નામથી... (આ નામસર્વે નંદસંતો તથા સત્સંગીઓનું પાડેલું નામછે.)

કુલ ૧૭, ૯૬૦ દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણ આ પૃથ્વી પર રહી પોતાના ભક્તોને મનવાંછિત સુખ આપતા અને પોતાના અવતાર ધર્યાના સર્વે પ્રયોજનોને સિદ્ધ કરી સ્વધામસિધાવ્યા હતા.

વ્હાલા ભક્તજનો ! અમોએ અમારી મતિ અનુસાર આ જે ભગવાન શ્રી સ્વામિનારાયણના રજત-દ્વિશતાબ્દી જન્મજયંતી (તા. ૭-૪-૨૦૦૬, શુક્રવાર)ના દિવસે આપણા જેવા પતિત અને પામર જીવાત્માઓ ઉપર કરેલા અનુગ્રહમાંથી કંઈક અંશે ઋણમુક્ત થવા તથા પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા તેમને વ્હાલા સર્વે સંતો-હરિભક્તોને રાજી કરવાને કાજે શ્રીજી મહારાજના વિશાળ સમુદ્ર તુલ્ય જીવનમાંથી અમોએ 'એક દિવ્યજીવન ગાથા' રૂપી માત્ર આચમનને આપની સમક્ષ રજૂ કર્યું છે. આ લેખમાં ઘણી બધી ચીવટ રાખી દરેક પ્રકારની સ્પષ્ટતા કરી હોવા છતાંય ક્યાંય પણ કંઈક ક્ષતિ રહી જવા પામી હોય તો આપ સર્વે 'મંડૂકપ્લુતિ ન્યાય' થી ક્ષમા આપજો એવી યાચના કરીએ છીએ. અને હા...! જો આમાંથી કંઈ પણ આપને રૂચિકર બન્યું હોય તો 'હંસક્ષીર ન્યાય'થી તેને જરૂર ગ્રહણ કરી જીવનપર્યંત યાદ રાખજો. તો તે જરૂર આપણા જીવનો મોક્ષ કરતલ બની રહેશે. બસ એજ વાચકબંધુઓ તરફની પ્રસન્નતાના આકાંક્ષી લેખકોના હેતપૂર્વક હૃદયથી જય શ્રી સ્વામિનારાયણ... અસ્તુ.



# રાજકોટમાં પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત જન્મજયંતી મહોત્સવ અને રંગપંચમીનો રંગોત્સવ



આજથી ૨૦૦ વર્ષ પૂર્વે સં. ૧૮૬૪ મહા માસમાં (ઈ.સ. ૧૮૦૮ જાન્યુઆરી) ઈસ્ટ ઈંડીયા કંપનીના વડોદરા વિભાગના રેસીડેન્ટ ખાતાના વડા કર્નલ વોકરના આમંત્રણથી તેમને મળવા માટે ગઢપુરથી સૌપ્રથમવાર રાજકોટની ભૂમિને શ્રીજી મહારાજે ચરણઅંકિત કરી પવિત્ર કરી હતી.

૨૨ વર્ષ પછી ફરીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અંગ્રેજ ગવર્નર સર માલ્કમના અતિ આગ્રહભર્યા આમંત્રણથી સં. ૧૮૮૬ ફાગણ સુદ - ૫ (તા.૨૬-૨-૧૮૩૦) ના દિવસે સ્વધામગમન પહેલા કેવળ અઢી માસ પૂર્વે રાજકોટની પવિત્રભૂમિને સવિશેષ પવિત્ર કરીને અંગ્રેજ ગવર્નર સર માલ્કમની મુલાકાત કરીને હસ્તલિખિત શિક્ષાપત્રી ભેટ આપી હતી.

એ દિવ્ય ચરણરજથી અંકિત થયેલી રાજકોટ શહેરની પવિત્રભૂમિમાં શ્રીજી મહારાજ અને અંગ્રેજ ગવર્નર સર માલ્કમની મુલાકાતના ૧૭૬ વર્ષમાં જ અને તે જ ફાગણ મહિનામાં ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ - આજ્ઞા સહ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સુવાસને યુગપ્રભાવી કરનાર શ્રીજીમહારાજના નવમાં વંશજ અને ધર્મમાર્તંડ સનાતન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્યશ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના પનોતા પુત્ર પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત અને ભવ્ય ઉડમો **'જન્મજયંતી મહોત્સવ અને રંગોત્સવ'** તા. ૨૦-૩-૦૬ ફાગણ વદ - ૫ (રંગપંચમી)ના દિવસે ઉજવાય ગયો.

આજે આકાશમાં વિ.સં. ૨૦૬૨ના ફાગણ વદ - ૫ (રંગપંચમી)નો મંગલ અરુણોદય એક વિશિષ્ટ ઓજસ લઈને પ્રગટ થયો. આજે સૌના મુખ આનંદિત જણાતા હતા. આજનું મંગળ પ્રભાત જાણે આનંદિત હતું કે, કોઈને કહેતું હતું કે ચાલો આજે રાજકોટમાં આપણા જીવનપ્રાણ અને તારણહારસમા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત અને ભવ્ય ઉડમો **'જન્મજયંતી મહોત્સવ અને રંગોત્સવ'** ઉજવાય.

આ જન્મજયંતી મહોત્સવને સત્કાર-સન્માન-વધાવવા અને તેઓશ્રીને સંગે રંગોત્સવને માણવા હજારો આબાલ-વૃદ્ધ હરિભક્તો વહેલી સવારથી થનગનતા હતા.

સંધ્યા ઢળી, સૂરજદેવ કેસરી સોડ તાણી આથમણી કોર પોઢી ગયા. ફાગણી રંગપંચમીનો ચંદ્રમાં આજે રાજકોટ માથે દૂધ જેવી ચાંદની રેલાવી રહ્યો હતો ત્યારે બરાબર ૭.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજનું ગજગતિ ચાલે હકડેઠઠ જનમેદની વચ્ચે સભામાં આગમન થયું ત્યારે તમામ સભાજનોએ તાળીના ગડગડાટ અને બેન્ડવાદનના મંગળ ધ્વની સાથે પ.પૂ. લાલજી મહારાજને સત્કાર્યા હતા.

સભામંચ પર પ.પૂ. લાલજી મહારાજે પ્રથમ ભગવાન શ્રી સ્વામિનારાયણની પ્રતિમાને તેમજ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજની ચિત્ર પ્રતિમાને સહજતાથી સાવ લળીને પ્રણામ કરીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું.

અનેક શહેરો, નગરો, ગામોગામથી પધારેલા ભક્તજનોથી અને સુશોભિત ફૂલમાળથી સભામંડપ શોભતો હતો.

હજારો ભક્તજનોની ભાવાંજલિનો સ્વીકાર કરીને પ.પૂ. લાલજી મહારાજે બંને હાથ જોડીને સૌને અભિવંદન કર્યા હતા.

સૌપ્રથમ પૂ. વડિલ સંતો દ્વારા પુષ્પહાર અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજને સત્કાર્યા હતા. ત્યારબાદ મહોત્સવના મુખ્યયજમાન શ્રી રઘુભાઈ વઘાસિયા (કોટડા - સાંગાણી)એ પણ પુષ્પમાળા અર્પણ કરી સત્કાર્યા હતા.

ત્યારબાદ 'આજનો દિન રળિયામણો રે' પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલે પોતાના સુમધુર કંઠે અને શ્રી દેવ ઉત્સવ મંડળ - રાજકોટના સંગીતના સૂરો સાથે ગાન કરીને પ.પૂ. લાલજી મહારાજને એ સ્વાગત-કિર્તન દ્વારા આવકાર્યા હતા. ત્યાર પછી શ્રી હરિકૃષ્ણ રાસ મંડળ - રાજકોટના બાળકોએ તલવાર રાસ અને બાંટવાના પ.ભ. પરબતસિંહ પરમારે તલવારબાજીથી પ.પૂ. લાલજી મહારાજનું સ્વાગત કર્યું હતું.

પછી વડિલ સંતોમાં પૂ. ભક્તિસંભવ સ્વામી - અમરેલી, પૂ. નિત્યસ્વરૂપ સ્વામી - સરધાર, પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર, પૂ. કો. ઘનશ્યામવલ્લભ સ્વામી - ગઢપુર, પૂ. પુરાણી શ્રીહરિદાસજી સ્વામી - વરજાંગ જાળિયા વગેરે સંતોએ રત્નજડિત સુશોભિત હાર હજારો ભક્તજનોના હૈયાના હાર એવા પ.પૂ. લાલજી મહારાજના કંઠમાં પહેરાવી સમગ્ર સંતમંડળે અને હજારો હરિભક્તોએ જન્મદિનની હાર્દિક વંદનાની સાથે ભાવાંજલી અર્પીને ભાવભીનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ જેમનામાં સંપ્રદાયના શાસ્ત્રોનું જ્ઞાન, ઉપનિષદ કથિત જ્ઞાન, રામાયણ લિખિત ધર્મ, ભાગવત કથિત ભક્તિ, ગીતા પ્રબોધિત સ્થિતપ્રજ્ઞ સ્થિતિ વગેરે જીવનમાં દૃઢ છે અને ધર્મભીરુ, સુસંસ્કારી, સારસ્વત, યુગપ્રભાવી સંપ્રદાય ભૂષણ - મહાપ્રતાપી એવા પ.પૂ. લાલજી મહારાજના ગુણોનું ગાન સંતો-હરિભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.

તેમાં સમસ્ત સત્સંગ સમુદાય વતી પ.ભ. શ્રી ભગવાનભાઈ ખાલપડા - રાજકોટ, ભગવત્પ્રસાદભાઈ શુકલ - આણંદ, પૂ. ભક્તિસંભવ સ્વામી - અમરેલી, પૂ. ઘનશ્યામસ્વામી - રઘુવીરવાડી, પૂ. કો. ઘનશ્યામવલ્લભદાસજી સ્વામી - ગઢપુર, પૂ. એસ.પી. સ્વામી - ગઢપુર, પૂ. નિત્યસ્વરૂપદાસજી સ્વામી - સરધાર આદિક સંતો-ભક્તોએ પોતાના હૃદયની ભાવઊર્મિઓ પ્રગટ કરી હતી.

સંતો-હરિભક્તોના પ્રાર્થનાપૂર્વક શબ્દપુષ્પાજંલી બાદ જેમની વાણીમાં હંમેશાને માટે અમૃત ઝરણું વહે છે એવા પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદનું અમૃત વહ્યું હતું : 'આજે તો ખરેખર મૂશળાધાર વરસાદ વરસતો હોય અને વરસાદમાં કોઈ વ્યક્તિ મેદાનની વચ્ચોવચ્ચ નિઃછત્ર (છત્ર વગર) ઊભો હોય એ વ્યક્તિનું એકપણ અંગ ભીંજાયા વગર ન રહે, એ પ્રમાણે આ મેદાનની અંદર તમારા સર્વે સંતો-ભક્તોના નિર્દોષ અને નિઃસ્વાર્થ પ્રેમની અંદર અમો જાહેર કરીએ છીએ કે અમો પણ ભીંજાયા વગર રહ્યા નથી.'

અમે જ્યારે આયોજનની વાત સાંભળી ત્યારે અમે એક શરત મૂકી હતી કે અમે આવીએ ખરા પણ અમારા જન્મદિવસનો જે પ્રસંગ છે, કદાચ એનું નિમિત્ત બને તો પણ ભગવાન શ્રીહરિના સ્વરૂપની નિષ્ઠા અને આ સત્સંગ અખંડીતતા માટે જે આ હરિભક્તો કાર્યરત છે એ હરિભક્તોને આ સંપ્રદાયનો હેતુ ન ભૂલાય, ભગવાનને










રાજી કરવાનો હેતુ ન ભૂલાય, આવું જ્યારે આયોજન કરો તો અમો ચોક્કસ આવીએ. અને આજે કહેતા ખરેખર ગર્વ અનુભવું છું કે વિશાળ જનસમુદાયની અંદર એ સત્સંગની જે ઉત્કૃષ્ટ ભાવના છે, જે વયોવૃદ્ધ-જ્ઞાનવૃદ્ધ છે તેમાં એ ભાવના હોય પણ નાના-નાના કુમળા બાળકોમાં અને યુવાનોમાં એ ભાવના થનગને છે. એ ભાવનાને જોઈ અમારું હૃદય ખરેખર પ્રફુલ્લિત બન્યું છે.

આવા સુસંસ્કારના જ્યાં સિંચન થતાં હોય અને પોતાના ઈષ્ટદેવ પ્રત્યે જેની આવી ઊર્મિઓ જેના હૃદયમાં ઉજળતી હોય ત્યારે મને કહેતા જરાય અતિશયોક્તિ નથી લાગતી કે આ દુનિયાની, આ સંસારની એવી કોઈ શક્તિ કે સત્તા નથી જે અમે તમારા હૃદયમાં સ્થાન મેળવેલું છે તે કાઢી શકે.



આજના મંગળ દિવસે અમો શ્રીજી મહારાજના ચરણમાં પ્રાર્થના કરીએ કે જ્યાં સુધી આ શરીરમાં પ્રાણ રહે ત્યાં સુધી મહારાજની આજ્ઞા ઉપર ચાલીએ અને જેમ ભગવાન શ્રીહરિનો સ્વભાવ હતો : 'કોઈને દુઃખિયો રે, દેખી ન ખમાય; દયા આણી રે, અતિ આકળા થાય, અન્ન ધન વસ્ત્ર રે, આપીને દુઃખ ટાળે.' એ મહારાજના માર્ગ ઉપર અમે ચાલીને આ સંસારના જે પામર જીવાત્માઓ છે તેની કંઈકને કંઈક સેવા અથવા તેના ઉપયોગી થઈએ તો અમારા જીવનનું સદ્ભાગ્ય ગણીશું. આ દુનિયાની અંદર આ સત્સંગનો જે સંબંધ ગુરુમંત્રના સંબંધે કરીને, કંઠીના સંબંધે કરીને તમારો ને અમારો જે સંબંધ જોડાણો છે એ આ સંસારનો માત્ર સંબંધ ન રહે પરંતુ અક્ષરધામની સભાની અંદર પણ તમો અને અમો આ રીતે બેઠા હોઈએ અને મહારાજની કૃપારૂપી વરસાદમાં ભીંજાતા હોઈએ એવી ભગવાન શ્રીહરિ સર્વ સત્સંગ સમાજ ઉપર તેમજ અમારા ઉપર, અમારા પરિવાર ઉપર એવી કૃપાદૃષ્ટિ વરસાવે તેવી તેમના ચરણોમાં પ્રાર્થના કરું છું.

આજના આ પ્રસંગે અમને મનમાં એક વખત એમહતું કે અત્યારે સંપ્રદાયની જે પરિસ્થિતિ છે તેમાં હજારો હરિભક્તોના મનમાં થોડી ચિંતા, થોડી ગ્લાની, થોડું દુઃખનું વાતાવરણ રહેલું છે ત્યારે આ પ્રસંગ ઉજવવો એ અમને યોગ્ય લાગતું ન હતું. પરંતુ આજે હું એ વાતનું એલાન કરું છું કે જ્યારે શ્રી રામચંદ્રજી ભગવાનને ચૌદ વર્ષનો વનવાસ થયો ત્યારે એ અયોધ્યાવાસીઓ માટે માત્ર અમાસ જ હતી, અંધારી રાત હતી. પરંતુ જ્યારે શ્રી રામચંદ્રજી ભગવાન રાવણરૂપી અધર્મનો અને રાક્ષસનો નાશ કરી જ્યારે અયોધ્યાપુરમાં પધારે છે ત્યારે એ અમાસની કાળી રાત્રિને પૂર્ણિમાના પ્રકાશથી પણ અધિક જ્વલંત પ્રકાશથી અયોધ્યાનગરને રોશન કરી છે.

આજે એ વાતનું અનુસંધાન ટાંકીને કહેતા મને વિશ્વાસ અને દૃઢતા અનુભવાય છે કે આ સંપ્રદાયની અંદર ભગવાન શ્રીહરિની કૃપાથી જ્યારે પ.પૂ. ધ.ધુ. મહારાજશ્રીના સાનિધ્યમાં પૂર્ણ ચંદ્ર ખીલેલો હોય અને સોળેકળાએ ખીલેલા ચંદ્રના પ્રકાશમાં વાતાવરણની અંદર આપણે સૌ એ આનંદ અનુભૂતિ કરીશું. એ દિવસો હવે બહુ દૂર નથી.

ભગવાન શ્રીહરિ દરેક ભક્તોની કસોટી પણ લે છે અને દરેક ભક્તોને કસોટીમાંથી બહાર નીકળવાનું બળ પણ ભગવાન જ પુરું પાડે છે. માટે દરેક ભક્તોને મારી નમ્ર વિનંતી છે કે જે ધીરજ, સ્વયં અને શ્રદ્ધા-વિશ્વાસ તમારી અંદર ભગવાન શ્રીહરિ પ્રત્યે અથવા તેના સિદ્ધાંતોની અંદર વિશ્વાસ રાખીને, વર્તન રાખીને ભગવાનના કૃપાપાત્ર બનજો તો મહારાજ તમારો આ લોક અને પરલોક, આ ભવ અને મોક્ષનો જે માર્ગ એ બંને પ્રસસ્થ કરશે. એનું પરિણામ શુભ મળશે એવા મારા અંતરના આશીર્વાદ અથવા તો શુભ કામનાઓ છે.

મને એવું યાદ છે કે હું ૨૧ વર્ષનો થયોને પછી મને ખબર પડી કે જન્મદિવસ પણ ઉજવાય છે. ત્યાં સુધી કદાચ સિમિત ભક્તો જેને ખબર પડે, નિર્ણયમાં વાંચે એ ભક્તોના અથવા પત્ર યા ફોન દ્વારા સંદેશાઓ આવતા. પરંતુ કેમ જાણે ૨૧ વર્ષના


થયા ત્યારે ભક્તજનોનો ઉમળકો વધ્યો, જે ઉત્તરોતર વધતો જ ગયો છે. મેં ઘટતો જોયો જ નથી અને એ જે ઉમળકો છે તે આજે રાજકોટની અંદર આ સત્સંગ સમાજમાં અમો જોઈ રહ્યા છીએ. દેશ-વિદેશના બધા હરિભક્તોના ખૂબ વહેલા પરોઢિયે પાંચ વાગ્યાથી ઉપરાઉપરી ફોન ચાલું છે. બેટરી ડાઉન થઈ ગઈ, ચાર્જમાં મૂકી પણ હરિભક્તોની ભાવનાનો અંત નથી અને હું ભગવાન શ્રીહરિને પ્રાર્થના કરું કે તમારી અમારા પ્રત્યે જે ભાવના છે અને અમારી આ સત્સંગ પ્રત્યે ભાવના છે તેમાં કોઈ વિક્ષેપ ન પડે તેમજ આ પ્રેમનો સંબંધ, આ ધર્મનો સંબંધ, આ ભક્તિનો સંબંધ એ અવિરત આવોને આવો વહ્યા કરે અને હજારો જીવાત્માને મોક્ષમાગી બનાવે, સર્વનું મંગળ થાય એવી ભગવાન શ્રીહરિના ચરણોમાં આજના પવિત્ર દિવસે પ્રાર્થના કરું છું.

પ.પૂ. લાલજી મહારાજના આશીર્વાદત્મક અમૃતવાણી પછી ૩૩મા જન્મોત્સવ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજે સૌપ્રથમ ઠાકોરજીનું પૂજન-અર્ચન કરીને કેક કાપીને જન્મદિન ઉજવણી કરી ત્યારે વિરાટ હરિભક્ત સમુદાયે તાળીઓ અને જયજયકારના ધ્વનિના સૂરો સાથે પ.પૂ. લાલજી મહારાજને વધાવ્યા હતા.

ત્યારબાદ અનેક શહેરો, નગરો, ગામોગામથી પધારેલા ભક્તજનોએ તેમજ રાજકોટના જુદાં જુદા સત્સંગ મંડળોએ કલાત્મક હાર, ચાદર, પુષ્પગુચ્છ વગેરેથી પ.પૂ. લાલજી મહારાજને તેઓના જન્મજયંતી ઉત્સવની શુભકામનાની સાથે વધાઈરૂપે અર્પણ કર્યા હતા. હારતોરા વિધિ બાદ આજે ખાસ તેઓના જન્મજયંતીએ સમગ્ર સભાજનોને પ.પૂ. લાલજી મહારાજના ચરણસ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.

અંતે આજે રંગપંચમી હોવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણે ઉજવેલ રંગોત્સવની દિવ્ય લીલાની સ્મૃતિ સાથે પ.પૂ. લાલજી મહારાજે રંગોત્સવનો પ્રારંભ કર્યો હતો. ઠાકોરજીના પ્રાસાદિક અબીલ-ગુલાલ સહિત કેસરીયા રંગનું પિચકારી વડે પ.પૂ. લાલજી મહારાજે સંતો અને હજારો હરિભક્તો પર રંગવર્ષણ કર્યું હતું ત્યારે સૌમાં એક અપૂર્વ આનંદ ભરતી ઊભરાતી હતી. આ અદ્‌ભૂત આધ્યાત્મિક રંગથી રંગાઈને દિવ્ય અક્ષરધામતુલ્ય સુખ પ્રાપ્ત કરી સૌ આ દિવ્ય પળની પ્રતિક્ષા સાથે, આજના અલૌકિક ઉત્સવની સ્મૃતિઓને હૃદયપટ પર અંકિત કરીને જન્મજયંતી ઉત્સવના હરખમાં દિવ્ય મહાપ્રસાદ આરોગીને વિખરાયા ત્યારે દરેકના મુખે એક જ અવાજ ગૂંજતો હતો : **'ઐસે રંગ રંગો માંહી, કિ રંગ નાંહી છૂટે; ધોબિયા ધોયે ચાહે સારી ઉમરીર્યા, રંગ દે ચુનરીયા...'**

**રજુઆત : સાધુ અમૃતસ્વરૂપદાસ**





# સત્સંગ સમાચાર પત્રિકા

## સરધારમાં તૈયાર થયેલ નૂતન 'શ્રી નૃગેન્દ્ર સભામંડપ અને સતંઆશ્રમ'માં પ.પૂ. લાલજી મહારાજશ્રીની પધરામણી....



જ્યાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પાંચસો પરમહંસોની સાથે ચાર ચાર માસ રોકાયા છે. આ સિવાય અનેકવાર આ સ્થાનમાં પધારી પોતાના ભક્તજનોને મહા અલૌક્કિ સુખ આપ્યું છે. તેમજ સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અને રામાનંદ સ્વામીનું આ સ્થાનમાં અદ્‌ભૂત પ્રથમ મિલન થયું છે. અને જે માધ્યમથી આજે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાને આશીર્વાદથી સત્સંગના અનેક દિવ્ય કાર્યક્રમો અવિરત પ્રમાણે ચાલુ જ છે એવા સરધારપુરમાં રાજકોટમાં જન્મજયંતી અને રંગોત્સવનો આનંદ માણી રાત્રિના ૧૨.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજ પધાર્યા હતા.

તા. ૨૧-૩-૦૬ના રોજ સવારે પ.પૂ. લાલજી મહારાજ નિત્યવિધિમાંથી પરવારી તૈયાર થયેલ નૂતન શ્રી નૃગેન્દ્રપ્ર સભામંડપ'માં પધારી કલાત્મક સિંહાસનમાં બિરાજમાન ભગવાન શ્રીહરિ અને સંતો-ભક્તોની ચિત્ર-પ્રતિમાની આરતી હતી.

ત્યારબાદ ૭ કરોડના ખર્ચ તૈયાર થઈ રહેલ કલાત્મક નકશીકામથી સભર મંદિરનું કાર્ય નિહાળવા પધાર્યા હતા. મંદિરનું કાર્ય જોઈને અતિ પ્રસન્નતા દાખવી હતી.

## ખીજડીયા (જં) ગામને આંગણે યોજાયેલ 'શ્રીમદ્‌ સત્સંગિજીવન પારાયણ'માં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૧-૩-૦૬ના રોજ સરધારથી સવારે ૮.૦૦ કલાકે નીકળી પ.પૂ. લાલજી મહારાજ ૯.૩૦ કલાકે ખીજડીયા ગામમાં પધાર્યા હતા.


અહિંના ભાવિક ભક્તજનોએ પ.પૂ લાલજી મહારાજનું ઉષ્માભરી શોભાયાત્રા દ્વારા સ્વાગત કર્યું હતું.

શોભાયાત્રા ગામભાગોળેથી કથામંડપ સુધી કાઢવામાં આવી હતી. શોભાયાત્રાની સમાપ્તિ બાદ પ.પૂ લાલજી મહારાજે સભામાં પોતાનુ સ્થાન લીધું હતું. પૂ.સદ્‌. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતો-ભક્તોએ અને કથાના મુખ્ય યજમાનશ્રી દ્વારા પ.પૂ લાલજી મહારાજનુ પુષ્પમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ખીજડીયા સત્સંગ સમાજ દ્વારા પૂ.સદ્‌. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી કૈવલ્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્‌ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'ની પૂર્ણાહુતિ કરવામાં હતી.


ત્યાર પછી સભામાં બિરાજમાન પ.પૂ લાલજી મહારાજે આશીર્વાદનો અમૃતલાભ આપ્યો હતો.

અંતે કથા પૂર્ણાહુતિ અને પ.પૂ લાલજી મહારાજની યજમાનો દ્વારા આરતિ ઉતારવામાં આવી હતી.



## ખોપાળા દેવોના ૧૮મા પાટોત્સવ ઉજવણી પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૧-૩-૦૬ના રોજ ખીજડીયાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી નીકળી બપોરે ૪.૦૦ કલાકે શ્રીજી પ્રાસાદિક ગામ ખોપાળા મંદિરમાં બિરાજીત શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રી ગોપીનાથજી મહારાજ આદિક દેવોના ૧૮મા પાટોત્સવની ઉજવણી પ્રસંગે પધારતા સંતો-હરિભક્તોએ હર્ષની લાગણી અનુભવી હતી.



પ્રથમ દેવોની પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આરતી ઉતારી હતી. ત્યારબાદ પાટોત્સવ નિમિત્તે ચાલી રહેલ પારાયણમાં પધાર્યા હતા. સંતો-ભક્તોએ પુષ્પહાર દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગતપૂજન કર્યું હતું.

ત્યાર પછી પાટોત્સવ નિમિત્તે ચાલી રહેલ પારાયણ સભામાં વડિલ સંતો-ભક્તોએ સત્સંગ પ્રવચનનો લાભ આપ્યો હતો. અંતે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વચનનો અમૃતલાભ સર્વે ભક્તજનોને મળ્યો હતો.

ત્યારબાદ ઠાકોરજીની જળયાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સંતો-ભક્તો જોડાયા હતા. છેલ્લે જળયાત્રાની સમાપ્તિ કરી અન્ય કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ વિદાય લીધી હતી.

તા. ૨૨-૩-૦૬ના રોજ વહેલી પરોઢિયે ખોપાળા મંદિરમાં બિરાજમાન દેવોના ૧૮મા પાટોત્સવ નિમિત્તે મુખ્ય યજમાનશ્રી દ્વારા મહાપૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ દેવોનો પંચામૃતથી અભિષેક સંતો દ્વારા કરવામાં આવ્યો હતો. ઠાકોરજી સમક્ષ અન્નકૂટ ગોઠવાયા બાદ આરતી ઉતારી હતી.

છેલ્લે પારાયણની સમાપ્તિની આરતી યજમાનો દ્વારા ઉતારવામાં આવી હતી. અને ભક્તજનો હરિસ્મૃતિ સાથે મહાપ્રસાદનો આસ્વાદ માણીને તૃપ્ત થયા હતા.

## કોટડા (પીઠા)માં યોજાયેલ ભવ્ય 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના લાભાર્થે કોટડા(પીઠા)ને આંગણે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'નું તા. ૨૨-૩-૦૬ થી તા. ૨૮-૩-૦૬ સુધી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી કૈવલ્યસ્વરૂપદાસજી બિરાજીને કથાનું પોતાની સુમધુર શૈલીમાં રસપાન કરાવ્યું હતું.



આ પ્રસંગે પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે મોબાઈલ ફોન દ્વારા આશીર્વાદ આપ્યા હતા. તેમજ અમરેલીથી પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી, તેમજ ગઢપુરથી પૂ. એસ.પી. સ્વામી, કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી વગેરે ધામોથી સંતો-મહંતોએ પધારી દર્શન-અમૃતવાણીનો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તા. ૨૭-૩-૦૬ના રોજ સવારે ૭.૩૦ કલાકે વિષ્ણુયાગ યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. તા. ૨૮-૩-૦૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે પૂ. વક્તાશ્રીએ અને વડિલ સંતોએ યજ્ઞનારાયણનું બીડું હોમી યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

આ પારાયણમાં કોટડા, બાબરા, ગરણી, વાંકિયા, આટકોટ, સરધાર, ઘુઘરાળા, જંગવડ, ઊંટવડ, રામોદ, ચાવંડ, લાઠી, અમરેલી, ચિત્તલ, ખીજડીયા, શેડુભાર વગેરે ગામોનાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો.

## શરુપુર (ટીંબી)માં યોજાયેલ ત્રિદિનાત્મક પારાયણ પ્રસંગે તથા કારેલીબાગ-વડોદરામાં ઉજવાયેલ ભવ્ય શાકોત્સવ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૨૫-૩-૦૬ના રોજ વડોદરા તાલુકાના શ્રી સ્વામિનારાણ મંદિર - શરુપુર (ટીંબી)ના ૭૩મા પાટોત્સવ નિમિત્તે પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શિષ્ય સ્વામી નિષ્કામસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ ત્રિદિનાત્મક 'પુરુષોત્તમપ્રકાશ' પારાયણ પ્રસંગે વડતાલથી પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા.

તેઓશ્રીનું શોભાયાત્રા અને સભામાં પુષ્પહાર અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપી સમીપદર્શનનો લાભ આપ્યો હતો.





તા. ૨૫-૩-૦૬ના રોજ સાંજે ૭.૦૦ કલાકે કારેલીબાગ-વડોદરામાં શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ દ્વારા ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા રાખવામાં આવી હતી.

આ પ્રસંગે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ સંતમંડળ સાથે પધાર્યા હતા. સમગ્ર સત્સંગ મંડળ વતી આગેવાન હરિભક્તોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળાથી વધાવ્યા હતા.

પ્રથમસંતોએ સત્સંગ પ્રવચનનો લાભ આપ્યો. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપી સહુને કૃતાર્થ કર્યા હતા.

## રાજકોટથી ઉત્તર ભારતની સ્પેશ્યલ ટ્રેનને લીલી ઝંડી આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૧-૪-૦૬ના રોજ પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ-આજ્ઞા સહ શ્રી સ્વામિનારાયણ મંદિર - અમરેલી આયોજીત 'શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ ટ્રેનયાત્રા'ને લીલી ઝંડી આપવા પ.પૂ. લાલજી મહારાજશ્રી રાજકોટ પધાર્યા હતા.

અહિં ટ્રેન આયોજક પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા પ્રફુલભાઈ ગઢવી અને રાજકોટ સત્સંગ સમુદાય દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળાથી સ્વાગત કરવામાં આવ્યું હતું.



ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનો વરદ્ હસ્તે શ્રીફળ, કુંકુમતથા પુષ્પોથી ટ્રેનનું વેદમંત્રો ઉચ્ચારીને પૂજન કરી લીલીઝંડી આપી હતી.

ત્યાર પછી સર્વે યાત્રાળુ સાથે રાજકોટથી અમદાવાદ સુધી ટ્રેનમાં પધાર્યા હતા. તે દરમ્યાન ચાલુ ટ્રેનમાં સર્વે યાત્રાળુ ભક્તજનોને ઉજ્જૈન, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, ઋષિકેશ, મથુરા આદિક તીર્થસ્થાનોની યાત્રા નિર્વિઘ્નપણે પૂર્ણ થાય તેવી ભગવાન શ્રીહરિના ચરણમાં પ્રાર્થના સાથે આશીર્વાદ પાઠવ્યા હતા.

## માણાવદરને આંગણે ઉજવાયેલ શ્રીહરિના જન્મનો રજત-દ્વિશતાબ્દી મહોત્સવમાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૩૦-૩-૦૬ થી તા. ૫-૪-૦૬ સુધી પ.પૂ. ધ.ધુ.૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ-આજ્ઞા સહ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા ભગવાન શ્રી સ્વામિનારાયણના પદારવિંદથી અંકિત થયેલી પવિત્ર ભૂમિ અને સદ્. મંજુકેશાનંદ સ્વામી, પ.ભ. શ્રી મયારામભટ્ટ, પ.ભ. શ્રી પરબતભાઈ અને પ.ભ. શ્રી ભીમજીભાઈ આદિક મહામુક્તોની પ્રાગટ્યભૂમિ માણાવદરને આંગણે ભગવાન શ્રીહરિના જન્મનો 'રજત-દ્વિશતાબ્દી મહોત્સવ' રાખવામાં આવ્યો હતો. આ મહોત્સવના ઉપક્રમે સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા પૂ. સ્વામી શ્રી કૈવલ્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૩૦-૩-૦૬ના રોજ મહોત્સવના મુખ્ય યજમાનશ્રીના નિવાસસ્થાને થઈને કથાસ્થળ સુધી ધામધુમપૂર્વક પોથીયાત્રા કાઢવામાં આવી હતી.

તા. ૩૧-૩-૦૬ના સાંજે ૬.૦૦ કલાકે સંગીતના સુરો સાથે પૂ.વક્તાશ્રીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના જન્મના ૨૨૫મો પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને ઉજવ્યો ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી "રંગ લાગ્યો ઘનશ્યામતારો રંગ લાગ્યો" અને "ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી" ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું. તે જ સમયે હિંડોળે ઝુલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે સહુના ચિત્ત ખેંચી લીધા. પછી તો દાંડિયારાસ, આતશબાજીવાળા, ગવૈયાઓ આદિક સહુ નાચવા

કુદવા લાગ્યા. આ પ્રમાણે ઘનશ્યામના પ્રાગટ્યના જન્મોત્સવે તો સારાયે વાતાવરણને રંગભીનું કરી દીધું હતું.

આ મહોત્સવના કળશ ચઢાવવાને માટે તા. ૨-૪-૦૬ના રોજ સાંજે ૪.૦૦ કલાકે વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ સોરઠ દેશના ભાવિક ભક્તજનોના આમંત્રણને માન આપી પધાર્યા હતા. ત્યારે ભવ્ય શોભાયત્રા શહેરના રાજમાર્ગો પરથી ભવ્યતાથી નીકળી હતી. શહેરના મુખ્ય બજારેથી શરૂ થયેલી આ શોભાયાત્રા ગાંધીચોક થઈને કથાસ્થળે પહોંચી હતી. શણગારેલા ફલોટ્સમાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન કરી નગરજનો અતિ આનંદની લાગણી અનુભવતા હતા.

બેન્ડવાદન, ધૂન-ભજનની રમઝટ બોલાવતાં હરિભક્તોનું વૃંદ, ભજન-કિર્તનની કરતી મંડળી તેમજ કળશધારી મહિલામંડળ વગેરે ઉત્સાહ-ઉમંગથી શોભાયાત્રાને શોભાવી રહ્યા હતા. આ શોભાયાત્રાના માર્ગ પર ઠેર ઠેર પ.પૂ. લાલજી મહારાજશ્રીને ભાવભીનાના સ્વાગત બેનરો માણાવદરની વિવિધ સંસ્થાઓ દ્વારા ઊભા કરવામાં આવ્યા હતા. તેમજ શરબત-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ શોભાયાત્રાની સમાપ્તિ પછી પ.પૂ. લાલજી મહારાજશ્રી કથાસ્થળે સભામંચમાં વિરાજમાન થયા હતા. પૂ. વક્તાશ્રી આદિક સંતો તથા યજમાનો અને આગેવાન ભક્તજનોએ પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરી સ્વાગત કર્યુ હતું.

ત્યાર બાદ 'આજનો દિવસ રળિયામણો રે...' એ કિર્તન પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલના સુમધુર કંઠેથી વહાવી પ.પૂ. લાલજી મહારાજશ્રીને આવકાર્યા હતા. ત્યારપછી સંતો-ભક્તોએ પોતાની હૃદયોર્મિવહાવી હતી.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદનો અમૃતલાભ આપતાં 'જીવનમાં સાચા સત્પુરુષનો જ સંગ કરવા વિષે ભારપૂર્વક જણાવ્યું:

वह्निर्यथार्क योगेन सूर्यकान्ते प्रजायते ।

प्रसङ्गेन सतां तद्वद भक्तिः पुंस्युपजायते ॥

સૂર્યના સંયોગથી જેમસૂર્યકાન્તમણિમાં અગ્નિ ઉત્પન્ન થાય છે તેમસત્પુરુષોના પ્રસંગથી મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ બાદ છેલ્લે યજમાનો દ્વારા આરતી ઉતારવામાં આવી હતી.

તા. ૩-૪-૦૬ના રોજ સાંજે ૬.૦૦ કલાકે પારાયણ અંતર્ગત પૂ.વક્તાશ્રીએ શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક મહોત્સવ ભાવપૂર્વક ઉજવ્યો હતો. અંતે યજમાનો દ્વારા ઠાકોરજીનો પંચામૃત જળેથી અભિષેક કરવામાં આવ્યો હતો.

તા. ૫-૪-૦૬ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'ની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. આ મહોત્સવમાં સોરઠ દેશના આંબલીયા, પીપલાણા, વંથલી, નાવડા, બોડકા, સણોસરા, ગળવાવ, સારંગપીપળી, અગતરાય, કેશોદ, વિસાવદર, કાલસારી, માળીયા (હાટીના), મેંદરડા, આખા, તાલાળા, પ્લાસવા, કાલવાણી, ભાડેર, ચુડવા, કાળેજ, ખાંભલા, લીંબુડા, થાનીયાણા, કોડવાવ, બાંટવા, થાપલા, સરદારગઢ, બાલાગામ, પંચાળા, મટીયાણા, ડુંગરી, ઉપલેટા, વરજાંગ જાળિયા આદિક ગામના હજારો હરિભક્તોએ લાભ લઈ જીવન ધન્યભાગી બનાવ્યા હતા.







## અગતરાય ગામમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત

તા.૩-૪-૦૬ના રોજ સવારે ૮.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી માણાવદરથી નીકળી જ્યાં શ્રીજી મહારાજના દિવ્ય ચરણથી પવિત્ર થયેલ ગામ અગતરાયમાં પધાર્યા હતા.

અહિંના હરિભક્તો દ્વારા ગામના ભાગોળેથી અતિ દબદબાપૂર્વક શોભાયાત્રા નાચગાન, બેન્ડવાદન, રાસ અને ધૂનની રમઝટ તેમજ હજારો હરિભક્તોના માનવ મહેરામણની સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર સુધી કાઢવામાં આવી હતી. શોભાયાત્રામાં ગામના તેમજ આજુબાજુ વિસ્તારોના તમામ આબાલ-વૃદ્ધ ભક્તજનો જોડાઈને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિરે પ્રતિષ્ઠાવિધિની આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉતારવામાં આવી હતી.



## વરજાંગ જાળિયામાં સત્સંગ લાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૩-૪-૦૬ના રોજ જ્યાં ભગવાન શ્રીહરિએ બે માસ સુધી મંદવાડ ગ્રહણ કર્યો હતો અને વેણુ નદીના સો બેડા જળથી સ્નાન કરી મંદવાડને તિલાંજલી આપી હતી તેવું સ્થાન વરજાંગ જાળિયામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી બપોરે ૧૧.૦૦ કલાકે પધાર્યા હતા.

વરજાંગ જાળિયા ગામના તથા આજુબાજુના વિસ્તારોના ભાવિક ભક્તો પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રામાં આનંદ-ઉત્સાહ અને ઉમંગથી જોડાયા હતા.

શોભાયાત્રાની સમાપ્તિ બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી સભાસ્થાનમાં પધાર્યા. ત્યાં પૂ. પુરાણી શ્રીહરિદાસજી સ્વામી આદિક સંતો-ભક્તોએ પુષ્પમાળા અર્પણ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પોતાનું ભાવવહી અમૃતવાણીમાં આશીર્વાદ આપતાં જણાવ્યું : મંદિર એજ જીવાત્માનું સાચું કલ્યાણનું કેન્દ્ર છે. માટે દરેક ભક્તજનોએ વ્યસન, કુટેવ, ફેશનમાંથી મુક્ત થઈ ભગવાન શ્રીહરિમાં પ્રીતિ વધે તેવો અનુરોધ કર્યો હતો.

પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ બાદ જ્યાં શ્રીજી મહારાજે બે માસ સુધી મંદવાડ ગ્રહણ કર્યો હતો તે સ્થાનના અતિ ભાવપૂર્વક અને મહિમાપૂર્વક દર્શન કરી આરતી ઉતારી હતી. ત્યાર પછી નવનિર્માણ પામી રહેલ શિખરબધ્ધ મંદિરનું નિરક્ષણ કરી યોગ્ય માર્ગદર્શન આપી અને ભક્તજનોને દિવ્ય સુખ આપીને વરજાંગ જાળિયાથી વિદાય થયા હતા.





## ખસ ગામમાં પારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી


તા. ૩-૪-૦૬ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી વરજાંગ જાળિયાથી વિદાય થઈને સાંજે ૪.૦૦ કલાકે બોટાદ તાલુકાના ખસ ગામમાં પારાયણ પ્રસંગે પધાર્યા હતા.

અહિં ભાવિક ભક્તજનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીની શણગારેલા ફલોટ્સમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

ત્યારબાદ ચાલી રહેલ પારાયણમાં પધારીને ભક્તજનોને આશીર્વાદનો અમૃતલાભ આપ્યો હતો.

અંતમાં યજમાનો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું હારતોરા સ્વાગત કરી અને આરતી દ્વારા પૂજનનો લાભ લીધો હતો.

# આણંદમાં પ.પૂ. લાલજી મહારાજના સાનિધ્યમાં ઉજવાયેલ ૨૨૫મો ભગવાન શ્રી હરિનો પ્રાગટ્ય મહોત્સવ



સર્વોપરિ, સર્વકારણના કારણ પૂર્ણ પુરુષોત્તમભગવાની શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યોત્સવના ભવ્ય 'રજત-દ્વિશતાબ્દી મહોત્સવ' તા. ૭-૪-૦૬ ચૈત્ર સુદ - ૯ના રોજ શ્રીહરિના પ્રાસાદિક શહેર આણંદ ખાતે ભવ્યતાથી ભવ્ય રીતે કરવામાં આવ્યો હતો.

આ મહોત્સવના ઉપક્રમે તા. ૬-૪-૦૬થી તા. ૧૩-૪-૦૬ સુધી સરધાર નિવાસી પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા તેમના શિષ્ય પૂ. સ્વામી શ્રી નિષ્કામસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.



તા.૬-૪-૦૬ના રોજ મહોત્સવના મુખ્ય યજમાનશ્રીના નિવાસસ્થાને થઈને કથાસ્થળ સુધી ધામધુમપૂર્વક પોથીયાત્રા કાઢવામાં આવી હતી.

સભામંચમાં પ્રથમપ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઠાકોરજી, પોથીજીનું પૂજન કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને પૂ. વક્તાશ્રીએ પુષ્પમાળા અર્પણ કરીને આવકાર્યા હતા.

મહોત્સવનો મંગળ પ્રારંભ કરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું : મનની એકાગ્રતા કરીને મહારાજના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિ પરોવી જો કથાશ્રવણમાં કરવામાં આવે તો આ મહોત્સવ આપણા માટે સાર્થક ગણાય. માટે સર્વે શ્રોતાગણ ભક્તજનોને અમારી એ જ ભલામણ છે.



તા. ૭-૪-૦૬ ચૈત્ર સુદ - ૯ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૨૫મા જન્મજયંતીએ ૨૨૫ યજ્ઞપાટલાની સાથે હરિયાગ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮.૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધારી વેદોક્તવિધિ પ્રમાણે યજ્ઞનો પ્રારંભ કર્યો હતો. અને સાંજે ૬.૦૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ હરિયાગ યજ્ઞનું બીડું હોમી યજ્ઞ પૂર્ણાહુતિ કરી સર્વે યજ્ઞમાં બેસનાર યજમાનોને ભગવાન શ્રીહરિ સુખીયા કરે અને સર્વે મનોકામનાઓ પૂર્ણ કરે તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આજના મંગલ દિને રાત્રિ કથામાં ૧૦.૧૦ કલાકે સંગીતના સુરો સાથે પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા નાના લાલજી પ.પૂ. શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં સભામંચમાં વક્તાશ્રી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ કથા અંતર્ગત અને ભગવાન શ્રીહરિના જન્મના ૨૨૫માં પ્રાગટ્યોત્સવ અતિ ભવ્યતાપૂર્વક વર્ણન કરીને જાણે કે આજથી ૨૨૫ વર્ષ પહેલા છપૈયાપુરમાં ધર્મ-ભક્તિના ઘેરે ઉજવાયેલ પ્રાગટ્યોત્સની ઝાંખી આણંદ શહેરના અને લાઈવ પ્રસારણ દ્વારા પ્રાગટ્યોત્સવનો લાભ લેતા હજારો આબાલ-વૃદ્ધ હરિભક્તોના અંતરમાં સ્મૃતિપટ કર્યો હતો. ત્યારે સર્વત્ર આનંદ, આનંદ છાઈ રહ્યો અને પછી ''રંગ લાગ્યો ઘનશ્યામતારો રંગ લાગ્યો'' અને ''ધર્મ ઘેર આનંદ ભયો જય બોલો ઘનશ્યામકી'' ના જયઘોષથી સારાયે સભાખંડમાં જાણે આજે બ્રહ્માંડ નાચતું કુદતું હોય એવું દિવ્ય વાતાવરણ ખડું કર્યું. તે જ સમયે હિંડોળે ઝુલતા બાળપ્રભુ શ્રી ઘનશ્યામે સહુના ચિત્ત ખેંચી લીધા. પછી તો દાંડિયારાસ, આતશબાજીવાળા, ગવૈયાઓ આદિક સહુ નાચવા કુદવા લાગ્યા. આ પ્રમાણે ઘનશ્યામના પ્રાગટ્યના જન્મોત્સવે તો સારાયે વાતાવરણને રંગભીનું કરી દીધું હતું.



શ્રીહરિ જયંતીના આજના માંગલિક દિને નાના લાલજી પ.પૂ. શ્રી પુષ્પેન્દ્રપ્રસાદજી મહારાજે વડોદરાની સભા જીતવા માટે સદ્. મુક્તાનંદ સ્વામીને પૂજવા માટે શ્રીજી મહારાજે આપેલ લાલજીનું બાળસ્વરૂપ અને દિવબંદરના પ્રેમબાઈને પૂજવા માટે આપેલ

લાલજીના બાળસ્વરૂપનું ષોડ્શોચાર પૂજન વેદમંત્રોના ઉચ્ચાર સાથે કર્યું હતું.



ત્યારબાદ પ.ભ. શ્રી હરિકૃષ્ણ પટેલે પોતાના સુમધુર કંઠે 'માતા પ્રેમવતી ઝુલાવે કુંવર પારણે....' 'સોનાનાં બોર ઝુલે નંદકિશોર...' એ પ્રાગટ્યોત્સવના વધાઈના કિર્તનો ગાઈને વાતાવરણ દિવ્યમય બનાવ્યું હતું.

ત્યારબાદ નાના લાલજી પ.પૂ. શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજે ભક્તિભાવથી બાળપ્રભુ શ્રી ઘનશ્યામચરિત્ર પ્રસંગ વર્ણવી શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસના અને સિદ્ધાંતોને જીવનમાં વધુ દઢ તેવા આજના મંગલ દિવસે શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરી આશીર્વાદ પાઠવ્યા હતા.

ત્યાર પછી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું : 'અમારા પરદાદા એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના ૨૨૫મા પ્રાગટ્યદિને સહુને આશ્રિતજનો મારી વધાઈ છે.'

આજના મંગલ દિવસે શ્રીજી મહારાજ પ્રગટ થઈને સર્વજીવહિતાવહ શિક્ષાપત્રી આપી. જો જીવાત્મા તેને શાંતિથી વાંચીને સમજે તો શિક્ષાપત્રી એક એવી આચારસંહિતા છે કે આપણા જીવનને શુદ્ધ અને પવિત્ર બનાવે છે.

માટે શ્રીજી મહારાજના સિદ્ધાંતોને પરિપૂર્ણ સમજવા શ્રી સત્સંગિજીવન જેવા ગ્રંથોનું મનન અત્યંત જરૂરી છે. અને તેવી સદ્‌બુદ્ધિ કરવા માટે શાસ્ત્રકારો સાચા સત્પુરુષોનો સંગ કરવાનું દર્શાવે છે :

'जायते चन्द्रयोगेन चन्द्रकान्ते यथा जलम् ।
सतां संवन्धतस्तद्वभक्तिरूत्पद्यते नरि ॥'

ચંદ્રના યોગથી, ચંદ્રકાંત મણિમાં જેમજળ ઉત્પન્ન ભક્તિ છે તેમસત્પુરુષોના સંબંધથી મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે.

શ્રીજી મહારાજના સિદ્ધાંતો બહુ વિશાળ છે. દરેકનું સારું થાય, હિત થાય, કલ્યાણ થાય એવી વાત એમણે આપી છે. આજે શ્રીજી મહારાજનો ૨૨૫મો પ્રાગટ્યદિન છે તો તેમના વંશજ તરીકે મારો અધિકાર છે કે તેઓ સર્વે જીવોનું કલ્યાણ કરવા આવ્યા છે તો આ સંપ્રદાયમાં માર્ગ ભૂલેલાઓને પણ સદ્‌બુદ્ધિ આપી સર્વેનું મંગલ કરે એવી તેમના ચરણોમાં પ્રાર્થના સહ....શુભાશીર્વાદ

આશીર્વાદ બાદ નાના લાલજી મહારાજશ્રીએ શ્રીહરિ પ્રાગટ્યોત્સવની મહાઆરતી ઉતારી હતી. અને હજારો સભાજનોએ પણ માટીના દિવેટકોડ્યમાં આરતી ઉતારવાનો લાભ લીધો હતો.

અંતમાં સહુ ભક્તજનોએ ભગવાન શ્રીહરિને પારણે ઝુલાવવાનો અને બંને પ.પૂ. લાલજી મહારાજશ્રીના ચરણસ્પર્શનો અનેરો લ્હાવો લીધો હતો.

તા. ૯-૪-૦૬ના રોજ રાત્રે ૧૧.૦૦ કલાકે નાના લાલજી પ.પૂ. શ્રી પૂષ્પેન્દ્રપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં સભામંચમાં વક્તાશ્રી પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીએ કથા અંતર્ગત ભગવાન શ્રીહરિનો જેતપુરમાં ગાદિ પટ્ટાભિષેક પ્રસંગ અતિ ધામધુમથી ઉજવ્યો હતો. જાણે કે અત્યારે જ સભામંડપમાં શ્રીજી મહારાજનો પ્રથમ ગાદી પટ્ટાભિષેક મહોત્સવ ઉજવાઈ રહ્યો હોય એવું દિવ્ય વાતાવરણ ખડું થયું હતું. પ્રસંગને અનુરૂપ કિર્તનો, ઉત્સવીયા હરિભક્તોનો રાસ અને નૃત્યની રમઝટ બોલાવી હતી. ત્યાર બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રી અને યજમાનશ્રીઓ તથા સંતો દ્વારા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પંચામૃત સહિત કેસર વગેરે સુગંધિત જળોથી અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક કરવામાં આવ્યો ત્યારે તમામ ભક્ત સમુદાય ભાવવિભોર બની ગયો હતો. પછી નાના લાલજી મહારાજશ્રી દ્વારા પટ્ટાભિષેક મહોત્સવની આરતી ઉતારવવામાં આવી હતી.

તા. ૧૧-૪-૦૬ના રોજ પારાયણ અંતર્ગત ગઢપુરમાં શ્રીજી મહારાજે ઉજવેલ ભવ્ય અન્નકુટ લીલાઉત્સવનું રાત્રિ કથામાં પૂ. વક્તાશ્રી અતિ સુમધુર શૈલીમાં વર્ણન કરીને તે ઉત્સવને તાદંશ્ય ચિત્ર ખડું કર્યું હતું. તે અન્નકુટ મહોત્સવની આરતી ઉતારવા પૂ. નાના લાલજી મહારાજશ્રી પધાર્યા હતા.

તા. ૧૨-૪-૦૬ના રોજ સાંજે પારાયણ અંતર્ગત ભગવાન શ્રીહરિએ વડતાલમાં ઉજવેલ ફૂલદોલોત્સવ અને સદ્. નિષ્કુળાનંદ સ્વામી દ્વારા બનાવેલ બાર બારણાંના હિંડોળામાં શ્રીજી મહારાજ બાર સ્વરૂપે જે દર્શન આપેલ તે દિવ્ય ચરિત્રની સ્મૃતિ સાથે પૂ. નાના લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં ફૂલદોલોત્સવ તેમજ ભગવાન શ્રીહરિને આણંદના ભક્તો દ્વારા બનાવેલ કલાત્મક બાર બારણાંના હિંડોળે ઝુલાવવામાં આવ્યા હતા. સહુ ભક્તજનોએ પણ આ ઉત્સવને ઉત્સાહ-ઉમંગથી માણી ધન્યભાગી થયા હતા. તા. ૧૩-૪-૦૬ના રોજ બપોરે ૧૦.૩૦ કલાકે પારાયણની સમાપ્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદનો અમૃતલાભ આપી સહુને કૃતાર્થ કર્યા હતા. અંતમાં પૂર્ણાહુતિની આરતી યજમાનો દ્વારા ઉતારવામાં આવી હતી. ત્યારબાદ આણંદ શહેરના મુખ્ય રાજમાર્ગો પર ભવ્ય ભગવાન શ્રી સ્વામિનારાયણની ચિત્ર પ્રતિમાની સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા આજુબાજુના વિસ્તારના તેમજ દૂર દૂર દેશાંતરોથી પધારેલા હજારો હરિભક્તો જોડાયા હતા.

## દેવગામપાટિયે પારાયણ પ્રસંગે દર્શન-સત્સંગનો અલભ્ય લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી

તા. ૯-૪-૦૬ના રોજ ગોંડલ તાલુકા વાસાવડ અને રાંદલ દડવા નજીક દેવગામપાટિયે ભગવાની શ્રી સ્વામિનારાયણના પ્રાગટ્યોત્સવના ભવ્ય 'રજત-દ્વિશતાબ્દી મહોત્સવ'ના ઉપક્રમે બગસરા-ખોપાળા નિવાસી પૂ. સ્વામી શ્રી વિવેકસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ'માં વડતાલથી પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંતમંડળ સહિત પધાર્યા હતા.

ત્યારે વિશાળ હરિભક્ત સમુદાય સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સભામંચમાં પૂ. સંતો તથા હરિભક્તો દ્વારા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પુષ્પમાળા અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

અંતમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીએ આશીર્વાદનો અમૃતલાભ આપતાં જણાવ્યું : 'આ સંસારની અંદર જીવાત્મા જન્મલે છે ત્યારથી શરીરનો ત્યાગ કરે ત્યાં સુધી તેના પ્રારબ્ધમાં કર્મબંધન અનુસાર સુખ દુ:ખ આવે છે. પરંતુ જો જીવાત્મા આત્મચિંતન કરીને જ્ઞાનબુદ્ધિ, વિવેકબુદ્ધિથી વિચારે તો શરીર માત્ર પંચભૂત બનેલું છે. ગમે તેટલા ધનવાન હશે તોપણ તેના શરીરને અગ્નિદાહમાં, જળપ્રવાહમાં અથવા તો ધરતીમાં દાટી દેવામાં આવે છે. આટલી જ આ શરીરની કિંમત શાસ્ત્રકારોએ આંકેલી છે.

માટે જીવાત્મા જો ભગવાનના સ્વરૂપમાં મનની વૃત્તિને એકાગ્રતાથી જોડે તો તેને સુખની અનેરી અનુભૂતિ અનુભવાય છે.

આજે ગાદિપટ્ટાભિષેક પ્રસંગે મહારાજે આપણા સર્વેના દુ:ખો માંગીને પોતાનું પ્રારબ્ધ પોતાનો આશ્રિત થાયે તેમને આપ્યું છે જેથી સર્વે આશ્રિતો સુખીયા છે.'

આશીર્વાદ બાદ અનેક ગામોમાં પધારેલ સર્વે હરિભક્તોને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સમીપ દર્શન અને ચરણસ્પર્શનો લાભ આપવામાં આવ્યો હતો.





## ઉમરેઠમાં ઉજવાયેલ શ્રી ઘનશ્યામ મહારાજનો સાતમો વાર્ષિક પાટોત્સવ

તા. ૨૫-૩-૦૬ના રોજ પ્રાસાદિક ગામ ઉમરેઠમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ શ્રી ઘનશ્યામમહારાજનો સાતમો વાર્ષિક પાટોત્સવ ધામધુમપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

પાટોત્સવ પ્રસંગે તા. ૨૧-૩-૦૬થી તા. ૨૫-૩-૦૬ સુધી 'શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ'નું સ્થાનિક પૂ. સંતોના વક્તાપદે આયોજન કરવામાં આવ્યું હતું. દરરોજ રાત્રિના સંપ્રદાયના પ.ભ. હરિકૃષ્ણ પટેલ, પૂરવ પટેલ, ધવલ સોની અને દિનેશ વઘાસિયા આદિક નામાંકિત કલાકારોના સુમધુર કંઠે કિર્તન-ભક્તિના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા.

પૂર્ણાહુતીના દિવસે અન્નકુટની મહાઆરતી ઉતારવામાં આવી હતી અને સહુ ભક્તજનોને માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી.

## છાણીમાં યોજાયેલ મહાપૂજાનું અનેરું આયોજન

તા. ૨૬-૩-૦૬ના રોજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ સહ આજ્ઞાથી જે ભૂમિ પર ભગવાન શ્રી સ્વામિનારાયણ માણકી ઘોડી સાથે સોનાની અંબાડી પર શોભામાન થઈને વડોદરામાં સયાજીરાવ રાજાના રાજગઢમાં જવા નીકળ્યા હતા તેવી ભગવાન શ્રીહરિના ચરણારવિંદ અંકિત થયેલી પવિત્ર ભૂમિવડોદરા જિલ્લાના છાણી ગામમાં પંચાવન મહાપૂજાનું પાટલાનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમાં સ્થાનિક અને બહારગામથી જેવા કે, વડોદરા, ભાદરવા, ભરુચ, અંકલેશ્વર, સાંકરદા વગેરે ગામોના ભક્તજનોએ મહાપૂજાનો લાભ લઈને ધન્યભાગી બન્યા હતા.

**બાલ-યુવા ચિંતન - ૬**

પાર્ષદ રાજુ ભગત તથા મયુર ભગત
ગુરુ : પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી વડતાલ
(હાલ- સરધાર)

# સત્સંગ શબ્દજ્ઞાન મનોરંજન

**સત્સંગ કોષ્ટક - ૬**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ૪ | ■ | ■ | ૫ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ૪ | ૪ | | |
| | ■ | ૯ | ૧૦ | ■ | | ■ | ■ | ૧૧ | |
| ૧૨ | ૧૩ | ■ | | ■ | ■ | ૧૪ | ૧૫ | | ■ |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | | ■ | ૧૮ |
| ■ | | ■ | | ■ | ૧૯ | | | ૨૦ | ■ |
| ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | ■ | ■ | ■ | ૨૪ | |
| ૨૫ | | ■ | | | ■ | ૨૬ | | | ■ |
| | ■ | ૨૭ | | | | ■ | ■ | ■ | ૨૮ |
| ૨૯ | | | ■ | | ■ | ૩૦ | | | |

## આડી ચાવીઓ

૧. સદ્. પ્રેમાનંદ સ્વામીએ દિક્ષા લીધી ત્યારે મહારાજે સૌપ્રથમ તેનું ....... નામ પાડેલું. (૬)
૫. બ્રહ્માનો પર્યાયવાચી શબ્દ. (૨)
૭. જે સ્ત્રી પતિવ્રતા ધર્મને અનુસરતી ન હોય તેવી સ્ત્રીને મહારાજ.......કહે છે. (૩)
૮. આપણા સંપ્રદાયનો રાગ-રાગણીમાં સર્વ શ્રેષ્ઠ ગ્રંથ. જેમાં ૯૯ રાગોનો સમાવેશ થયેલ છે. (૬)
૯. ભગવાનના સ્વરૂપમાં રહેલો એક ગુણ. (૨)
૧૧. શરીરનો પર્યાયવાચી શબ્દ. (૨)
૧૨. કમખાઓ, ગમખાઓ .......જાઓ. (૨)
૧૪. વિજાપુર ગામના શ્રીજી મહારાજ સમકાલીન એક સ્ત્રીભક્ત. (૩)
૧૬. દિવસનો પર્યાયવાચી શબ્દ. (૨)
૧૭. મહારાજે સાત વર્ષ સુધી.......માં વિચરણ કર્યું હતું. (૨)
૧૯. છાપરી ગામના શ્રીજી મહારાજ સમકાલીન એક સ્ત્રીભક્ત. (૪)
૨૧. શ્રીજી મહારાજ સમકાલીન એક સ્ત્રીભક્ત લાધીબાઈનું ગામ. (૨)
૨૨. ......ધામ સદા વિકસિત રહે, ભગવાન તુમ્હારી લીલાકા. (૨)
૨૪. શ્રીજી મહારાજે ધોરાજી ગામે.......ના વૃક્ષ નીચે રંગોત્સવ કર્યો હતો. (૨)
૨૫. સદ્. પરમચૈતન્યાનંદ સ્વામી......ને કારણે મહારાજને છોડી ધરમપુર જતાં રહ્યાં હતા. (૨)
૨૬. મહારાજના અનન્ય ભક્ત પ્રતાપસિંહ રાજાનું ગામ. (૩)
૨૭. સદ્. મુક્તાનંદ સ્વામીનો બનાવેલ એક ગ્રંથ. (૪)
૨૯. મહારાજે શિક્ષાપત્રીમાં ભાગવતના ક્યાં સ્કંધને ભક્તિશાસ્ત્ર તરીકે ઓળખાવેલ છે. (૩)
૩૦. દિનમણી શર્માને મહારાજે .....ગામમાં દિક્ષા આપી હતી. (૪)

## ઊભી ચાવીઓ

૧. ભાગ્ય જાગ્યા રે, આજ જાણવા.....એ કિર્તનના રચયિતાનું નામ. (૫)
૨. શિતી......પાવક ગગન સમીરા, પંચ રચીત અતિ અધમ શરીરા. (૨)
૩. દાદાખાચરનો જન્મસ્થાન. (૩)
૪. ગરીબ, દીન. (૩)
૫. સદ્. નિષ્કુળાનંદ સ્વામીના માતાનું નામ. (૪)
૬. ......કરીને મારા નેણામાં રાખું રે. (૩)
૧૦. શ્રીજી મહારાજ......ને ધર્મશાસ્ત્રરૂપે કહે છે. (૭)
૧૩. સદ્. નિષ્કુળાનંદ સ્વામીનો બનાવેલ એક ગ્રંથ. (૫)
૧૪. પરમેશ્વરનું ધ્યાન તથા પરમેશ્વરના......ને હૃદયમાં ધારે તો કારણ શરીર બળીને ખોખા જેવું થઈ જાય. (૩)
૧૫. શ્રીજી મહારાજ સમકાલીન સર્વે સ્ત્રીભક્તોના ગુરુ. (૩)
૧૮. સંપ્રદાયના મુખ્ય અંગ કેટલા? (૧)
૨૦. અનાદિના ત્રણ તત્ત્વોમાંથી એક. (૩)
૨૧. કેશિયા ગામના રૂપાભાઈને દિક્ષા આપી મહારાજે......નામ આપ્યું. (૪)
૨૩. ઘનશ્યામ મહારાજે માતા ભક્તિદેવીને સત્સંગિજીવનમાં આપેલો ઉપદેશ. (૪)
૨૭. શ્રીજી મહારાજે ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં સંતસભાના.....ખાધા છે. (૨)
૨૮. કુલ આશ્રમ કેટલા? (૨)

**સત્સંગ કોષ્ટક - ૫**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | યો | ધ્યા | ૨ પ્ર | ૩ સા | દ | ■ | ૪ કા | ૫ મ | ■ |
| શ્રિ | ■ | ■ | ૬ ભૂ | ત | ■ | ૭ ડ | ■ | ૮ દ | યા |
| ની | ■ | ૯ ગો | ■ | ■ | ૧૦ ગો | ર | ધ | ન | ■ |
| કું | ■ | મ | ■ | ૧૧ આ | પ | ■ | ૧૨ આ | મો | દ |
| ૧૩ મા | યા | તી | ૧૪ તા | નં | દ | ■ | ■ | હ | ■ |
| ર | ■ | ■ | ૧૫ સુ | દ | ■ | ■ | ૧૬ મા | ન | ■ |
| ■ | ૧૭ લા | જ | ■ | ૧૮ રા | ૧૯ જ | ભો | ગ | ■ | ૨૦ વે |
| ■ | ખ | ■ | ૨૧ સુ | મ | તી | ■ | ૨૨ રો | હી | ણી |
| ૨૩ ખા | ણ | ■ | નં | ■ | ■ | ૨૪ જ | ળ | ■ | રા |
| ■ | ૨૫ કા | શી | દા | સ | ■ | મ | ■ | ૨૬ સા | મ |

# :: અભયદાન સત્સંગ સભા ::

વ્હાલા ભક્તજનો ! ' ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીમાં સમાજશાસ્ત્ર, માનસ-શાસ્ત્ર, વિજ્ઞાન, રાજનીતિ વગેરે સઘળું સમાઈ જાય છે. આ 'વચનામૃત'નું અધ્યયન કરતાં આપણને એમ લાગે કે 'મારા હિતની જ વાત થઈ રહી છે' - તેવી પ્રતીતિ પ્રતિપળ થાય છે. પરંતુ એ વચનામૃતો આપમેળે સમજવા મહા મુશ્કેલ છે, તેથી વચનામૃતોના ગૂઢ રહસ્યોને જાણનારા તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના પૂર્ણ રાજીપો પ્રાપ્ત કરનાર એવા **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની ચોટદાર અને સમધુર શૈલીમાં ચાલો...આપણે દર મહિના પહેલા રવિવારે સરધારધામને આંગણે નૂતન સભામંડપમાં તેમજ દર મહિના છેલ્લા શનિવારે રાજકોટમાં શ્રીજી મહારાજના એ 'વચનામૃતો'નું અમૃતપાન કરીએ.

**સરધાર : તા. ૩૦-૪-૦૬ વૈશાખ સુદ - ૧ રવિવાર, સવારે ૯ થી ૧**

**ખાસ નોંધ : સંજોગોવસાત મે મહિનાની સભા એપ્રિલ મહિનાના છેલ્લા રવિવારે રાખવામાં આવેલ છે.**

**રાજકોટ : તા.૨૯-૪-૦૬ વૈશાખ સુદ - ૨, રાત્રે ૯ થી ૧૧**

**સ્થળ : કરણપરા ચોક, મો.નં. ૯૪૨૬૨-૩૯૫૫૮, ૯૪૨૬૭-૮૧૧૧૯**

---

સર્વોપરી, સર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મરજત-દ્વિશતાબ્દી મહોત્સવ વર્ષમાં સરધારધામને આંગણે તૃતીય

## શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ તથા પંચદિનાત્મક યોગશિબિર

**ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના અધ્યક્ષપદે ભગવાન શ્રીહરિના જન્મ રજત-દ્વિશતાબ્દી મહોત્સવ વર્ષમાં સરધારધામને આંગણે તૃતીય 'શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ' નું આયોજન **તા. ૨૧-૫-૦૬ વૈશાખ વદ - ૯ થી ૨૫-૫-૦૬ વૈશાખ વદ - ૧૩** સુધી કરવામાં આવેલ છે. અને સાથે સાથે ભારતના ઋષિમુનિઓ વિશ્વને આપેલી ઉત્તમ ભેટ એટલે 'યોગવિદ્યા' તે યોગવિદ્યા દ્વારા આજના બાળકો અને યુવાનોને જીવનનો એક અજોડ રાહ મળે, જીવનમાં એક નવો જ ઉત્સાહ પ્રગટે, અને આ મનુષ્ય દેહ વડે કંઈક કરી છુટવાની તમન્ના જાગે, યુવાન સંયમી-બ્રહ્મચર્યવેતા બને, પોતાની વિધ વિધ ફરજો સમજાય, આબાલ-વૃદ્ધોની સાથે કેવો વિવેક-વિનય અને સરળતા દાખવવી જોઈએ તેનું જ્ઞાન થાય તેવા હેતુસર **'પંચદિનાત્મક યોગશિબિર'**નું આયોજન કરવામાં આવ્યું છે. જે શિબિરમાં યોગવિદ્યાના નિષ્ણાંતો એવા સંતો તથા સુશિક્ષિત ભક્તો દ્વારા યોગવિદ્યાનું જ્ઞાન આપવામાં આવશે. તો દરેક બાળકો-યુવાનો અને વડિલોને આ મહોત્સવ તેમજ યોગશિબિરનો લાભ લેવા અમારું સર્વેને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**સ્થળ :- 'નૂતન સભામંડપ' શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ ફોન. નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧**


**ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ તથા પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી**

## આગામી કથા-પારાયણ કાર્યક્રમો

| તારીખ | તીથી | સ્થળ | વક્તા |
|---|---|---|---|
| ૨૧-૪-૦૬ થી ૨૭-૪-૦૬ | ચૈત્ર વદ - ૮ થી ૩૦ | બોટાદ | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી |
| ૨૬-૪-૦૬ થી ૨૮-૪-૦૬ | ચૈત્ર વદ - ૧૩ થી ૧ | ઘાટકોપર (મુંબઈ) | પૂ. સ્વામી ભક્તિવલ્લભદાસજી |
| ૨૮-૪-૦૬ થી ૪-૫-૦૬ | વૈશાખ સુદ - ૧ થી ૭ | કણકોટ (આંબા) | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી |
| ૩૦-૪-૦૬ થી ૬-૫-૦૬ | વૈશાખ સુદ - ૩ થી ૯ | તાવેડા | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી |
| ૩૦-૪-૦૬ થી ૬-૫-૦૬ | વૈશાખ સુદ - ૩ થી ૯ | કુંભારીયા | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી ભક્તિવલ્લભદાસજી |
| ૭-૫-૦૬ થી ૧૩-૫-૦૬ | વૈશાખ સુદ - ૧૦ થી ૧૫ | બાપુનગર-અમદાવાદ | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી વિવેકસ્વરૂપદાસજી |
| ૭-૫-૦૬ થી ૧૩-૫-૦૬ | વૈશાખ સુદ - ૧૦ થી ૧૫ | શ્રીજીનગર સુરત (પાટોત્સવ) | પૂ. સ્વામી ભક્તિવલ્લભદાસજી |
| ૭-૫-૦૬ થી ૧૧-૫-૦૬ | વૈશાખ સુદ - ૧૦ થી ૧૩ | ઈંટોલા (પ્રતિષ્ઠા મહોત્સવ) | પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી |
| ૧૪-૫-૦૬ થી ૨૦-૫-૦૬ | વૈશાખ વદ - ૧ થી ૮ | રાજસ્થળી (જી. અમરેલી) | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી નિષ્કામસ્વરૂપદાસજી |
| ૧૪-૫-૦૬ થી ૨૦-૫-૦૬ | વૈશાખ વદ - ૧ થી ૮ | ભાવનગર | પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી પૂ. સ્વામી કૈવલ્યસ્વરૂપદાસજી |
| ૨૧-૫-૦૬ થી ૨૫-૫-૦૬ | વૈશાખ વદ - ૯ થી ૧૩ | સરધાર | તૃતીય શ્રી સ્વામિનારાયણ બાળ-યુવા મહોત્સવ અને યોગ શિબિર |
| ૨૯-૫-૦૬ થી ૨-૬-૦૬ | જેઠ સુદ - ૨ થી ૬ | વેરાવળ (સોમનાથ) | મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૨૯-૫-૦૬ થી ૨-૬-૦૬ | જેઠ સુદ - ૨ થી ૬ | વિસાવદર | મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ |
| ૩૧-૫-૦૬ થી ૨-૬-૦૬ | જેઠ સુદ - ૪ થી ૬ | આંબલીયા (ઘેડ) | કળશ મહોત્સવ |
| ૩૧-૫-૦૬થી ૬-૬-૦૬ | જેઠ સુદ - ૪ થી ૧૦ | ડોંબીવલી (પાટોત્સવ) | પૂ. સ્વામી ભક્તિવલ્લભદાસજી |


ત્રિવેણી સંગમ અલ્હાબાદ


ઘાટ દર્શન-કાશી


શ્રી સ્વા. મંદિર - કાશી


રામાનંદસ્વામી જન્મસ્થાન - અયોધ્યા


હનુમાન ગઢી - અયોધ્યા


સરયુ નદી સ્નાન અયોધ્યા


શ્રી સ્વા. મંદિર - છપૈયા

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સહ તેમજ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના લાભાર્થે ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાલ, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં પવિત્ર યાત્રાધામની યાત્રા એટલે તૃતીય

# શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ યાત્રા ટ્રેન

| -: પ્રારંભ :- | કુલ દિવસ - ૧૫, | -: પૂર્ણાહુતી :- |
|---|---|---|
| તા.૧૯-૮-૨૦૦૬ | ટીકીટ દર :- ૧૦,૦૦૦/- | તા. ૨-૯૨૦૦૬ |
| શ્રાવણ વદ - ૧૧ | | ભાદરવા સુદ - ૯ |

સર્વાવતારી ભગવાન **શ્રી સ્વામિનારાયણ**ની પૂર્ણકૃપાથી તેમજ **પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ** તથા **પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ**ના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી તેમજ **પૂ. સદ્. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના માર્ગદર્શન પ્રમાણે સરધારધામને આંગણે ૭ કરોડથી વધારે ખર્ચથી આકાર લઈ રહેલ નૂતન શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના લાભાર્થે ચારધામમાંહેલુ જગન્નાથપુરી તેમજ આપણા સંપ્રદાયના હૃદયતુલ્ય શ્રી છપૈયા આદિક પવિત્ર ધામોની યાત્રાનું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા **"શ્રી સ્વામિનારાયણ સ્પેશ્યલ યાત્રા ટ્રેન"**નું તા. ૧૯-૮-૦૬ શ્રાવણ વદ - ૧૧ થી તા. ૨-૯-૦૬ ભાદરવા સુદ - ૯ સુધી આયોજન કરવામાં આવેલું છે.

આ યાત્રા પવિત્ર બ્રહ્મનિષ્ઠ સંતોના સાનિધ્યમાં સંપન્ન કરી જીવનને ધન્ય બનાવવાનો સોનેરી અવસર રખેને ચુકાય ન જાય!! આ યાત્રામાં પુરુષ ભક્તો અને સ્ત્રીભક્તો એમબંને લાભ લઈ શકશે. યાત્રાપ્રવાસ સ્પેશ્યલ ટ્રેન દ્વારા રાજકોટથી પ્રસ્થાન કરી તીર્થસ્થળો ફરીને રાજકોટ આવી યાત્રાની પૂર્ણાહુતી કરશે.

## દર્શનીય તીર્થસ્થળો

**અલ્હાબાદ :-** ગંગા-યમુના-સરસ્વતી નદીના ત્રિવેણી સંગમમાં સમુહ સ્નાન, અશોકનો કિલ્લો, અક્ષયવટ, સૂતેલા હનુમાનજી, ભારદ્વાજ ઋષિનો આશ્રમ, આનંદ ભવન વગેરે...

નોંધઃ- આ સ્થાનમાં ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી અને ધર્મ-ભક્તિનો પ્રથમમેળાપ થયો હતો.

**કાશી/બનારસ :-** કાશીવિશ્વનાથજી મંદિર, શ્રી સ્વામિનારાયણ મંદિર, દશાશ્વમેઘ ઘાટ, પવિત્ર ગંગાજી સ્નાન, કાશીના ઘાટના દર્શન, તુલસીદાસજીએ જ્યાં રામચરિત્ર માનસ લખેલ તે સંકટ મોચન મંદિર, દુર્ગા મંદિર, બનારસી સાડીઓનું બજાર વગેરે...

નોંધ :- આ સ્થાનમાં બાલપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે કેવળ આઠ વર્ષની ઉંમરે કાશીના વિદ્વાન પંડિતોની સભાને જીતી હતી.

**અયોધ્યા :-** શ્રીરામજન્મભૂમિ, સરયુ નદી સ્નાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, કનક ભૂવન, હનુમાન ગઢી, પાંચ હજારથી વધારે મંદિર ધરાવતું નગર...

નોંધ :- આ નગરમાં બાલપ્રભુ શ્રી ઘનશ્યામમહારાજે ભાભીની વીંટી ચોરી અને કંદોઈને અદ્‌ભૂત ઐશ્વર્ય બતાવ્યું એ આદિક અનેક બાળલીલાઓ કુલ ૩૨૦૪ દિવસ રોકાઈને કરી હતી તેવું ભગવાન શ્રીહરિ બાળપણનું પ્રસાદીભૂત તીર્થધામ.

**છપૈયા :-** ભગવાન શ્રી સ્વામિનારાયણની જન્મભૂમિ, નારાયણ સરોવર સ્નાન, શ્રવણ તળાવડી, ખાંપા તળાવડી, ગૌઘાટ, મખોડા ઘાટ, ધર્મ-ભક્તિના સ્મૃતિ છત્રી દર્શન, નવા બનેલા આરસના મંદિર અને જન્મભૂમિમંદિર દર્શન વગેરે...

નોંધ :- સર્વાવતારી, સર્વોપરી, સર્વકારણના કારણ, અનેક બ્રહ્માંડોના અધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના પ્રાગટ્ય થવાની ભારતભરમાંથી સ્વયં પસંદ કરેલી દિવ્ય જન્મભૂમિ... બાલપ્રભુ શ્રી ઘનશ્યામછપૈયામાં કુલ ૯૦૦ દિવસ રહીને અનેક લીલાઓ કરી હતી.

**ગયાજી :-** ફાલ્ગુની નદીના કિનારે પિતૃશ્રાદ્ધ સ્થાન વગેરે...

**ગંગાસાગર :-** ગંગાજી સમુદ્રને મળે છે તે સ્થાન વગેરે...

નોંધઃ- ગંગાજીનું સાગર સાથે મિલન થતાં આ સ્થાન 'ગંગાસાગર' તીર્થ તરીકે ઓળખાય છે. લોકમાં કહેવત છેઃ-



જન્મસ્થાન - છપૈયા




નારાયણ સરોવર - છપૈયા




અભિષેક દર્શન - છપૈયા



અન્નકૂટ દર્શન - છપૈયા



જગન્નાથપુરી દર્શન



ઈન્દ્રદ્યુમ્ન સરોવર



ભૂવનેશ્વર દર્શન

'ઔર તીર્થ બારબાર, ગંગાસાગર એકબાર' આ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે પધાર્યા હતા.

**કપિલાશ્રમ :-** કપિલમુનિનો આશ્રમ, ગંગાજી અને સમુદ્રના સંગમસ્થાને ટાપુ ઉપર આવેલું તીર્થસ્થાન વગેર.

નોંધ :- આ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે પધાર્યા હતા.

**જગન્નાથપુરી :-** પવિત્ર ચારધામ માંહેલુ મહાન ધામ, શ્રીજગન્નાથજી મંદિર દર્શન, સમુદ્રસ્નાન,ઈન્દ્રદ્યુમ્ન સરોવર,

નોંધ :- આ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે પધારી અનેક અસુરોનો સંહાર કર્યો હતો. તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું અજોડ શાસ્ત્ર 'શ્રીમદ્ સત્સંગિજીવન'નું ઉદ્‌ગમ સ્થાન.

**ભૂવનેશ્વર :-** ભૂવનેશ્વર મહાદેવનું મંદિર, ઓરિસ્સાની રાજધાની ભૂવનેશ્વર છે.

નોંધ :- આ સ્થાનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીરૂપે પધાર્યા હતા.

**કોનાર્ક :-** પ્રાચીન શિલ્પકળાના ઉત્તમ નમુનારૂપ સૂર્યમંદિર દર્શન વગેરે...

**ચંદ્રભાગા બીચ :-** બંગાળના ઉપસાગર કિનારે સુંદર નયનરમ્ય બીચ (સમુદ્ર કિનારો) વગેરે...

## વિશેષ અનુભૂતિ ::

**જન્મ ભૂમિ છપૈયામાં શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક તથા**
**અન્નકુટના દર્શન તેમજ ચાર દિવસીય સત્સંગ શિબિર...**

**ટીકીટ દર :-** ★ યાત્રા-ભોજન તથા દર્શનની બસ વ્યવસ્થાના ખર્ચ સાથે ટીકીટનો દર એક ટીકીટના **રૂા. ૧૦,૦૦૦** ★ બુકિંગ સમયે **રૂા. ૫,૦૦૦** ભરવાના રહેશે તથા બાકીના રકમ ટીકીટ દીઠ **રૂા.૫,૦૦૦** યાત્રા ઉપડતા પહેલા ૩૦ દિવસે ભરી દેવાના રહેશે.

**યાત્રા વ્યવસ્થા :-** યાત્રા રેલ્વેની સંપૂર્ણ સ્પેશ્યલ ટ્રેન દ્વારા આયોજીત કરેલ છે. જેમાં થ્રીટાયર સ્લિપર કલાસમાં દરેક યાત્રીકને સ્વતંત્ર સુવાની સગવડતા મળશે. તેમજ આરામથી બેસીને યાત્રાને માણી શકશે. અને યાત્રા દરમ્યાન ટ્રેન યા તીર્થસ્થળોએ તીર્થમાહાત્મ્ય તેમજ કથા-વાર્તાનો લાભ સંતોની અમૃતવાણી દ્વારા સંપૂર્ણ યાત્રામાં મળતો રહેશે.

**ભોજન વ્યવસ્થા :-** કિચનકારથી સજજ સ્પેશ્યલ ટ્રેનમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા પ્રમાણે શુદ્ધ અને ગાળી-ચાળીને પ્રવિત્રપણે ઠાકોરજીનો થાળ ધરીને બંને સમય સ્વાદિષ્ટ સાત્વિક ભોજન તથા સવારે દુધ-નાસ્તો પીરસવામાં આવશે.

**ખાસનોંધ :-** યાત્રામાં કોઈને પણ બજારું ખાદ્ય પદાર્થ યા ડુંગળી-લસણ વગેરે ચીજવસ્તુઓ ટ્રેનમાં લાવવા દેવામાં આવશે નહિ.

**દર્શન તથા વાહન વ્યવસ્થા :-**

★ રેલ્વે સ્ટેશનથી યાત્રા સુધીના દર્શનીય સ્થાનોએ જવા આવવાના ખાસ સ્પેશ્યલ બસો મુકવામાં આવશે. તે વાહન વ્યવસ્થાનો ટીકીટ ખર્ચમાં સમાવેશ થઈ જાય છે.

★ ટીકીટમાં હોડી, ડોલી, ઘોડા, ટાંગા તથા જોવાલાયક સ્થળોની પ્રવેશ ફી વગેરેનો સમાવેશ થતો નથી.

★ સ્થાનિક ટ્રાફીકના નિયમો પ્રમાણે બસનો પ્રવેશ માન્ય હશે ત્યાં સુધી જશે અને સાંકડા માર્ગો ઉપર બસ ન જઈ શકે ત્યાં ચાલીને કે પોતપોતાની રીતે જવાનું રહેશે.

## બુકિંગ સ્થળ

(૧) **શ્રી સ્વા.મંદિર - સરધાર** ફો. ૦૨૮૧-૨૭૮૧૨૧૧,૨૭૮૧૫૨૧ (૨) **શ્રી સ્વા.મંદિર - ડોંબીવલી** ફો. ૦૨૫૧-૨૪૫૩૮૭૫, ૨૪૨૦૬૮૦ (૩) **શ્રી સ્વા.મંદિર - અમરેલી** ફો. ૦૨૭૯૨ - ૨૨૦૫૦૧ (૪) **શ્રી સ્વા.મંદિર - બગસરા-ખોપાળા** ફો. ૦૨૭૯૬ - ૨૨૨૫૪૧, ૦૨૮૪૭ - ૨૮૨૦૩૭ (૫) **શ્રી સ્વા.મંદિર - શ્રીજીનગર** (સુરત) ફો. ૦૨૬૧-૨૫૮૦૨૬૮ (૬) **શ્રી સ્વા.મંદિર - મલાડ** ફો. ૦૨૨-૨૮૮૯૮૯૪૨ (૭) **શ્રી સ્વા.મંદિર - બોરિવલી** ફો. ૦૨૨ ૨૮૦૭૯૭૧૭ (૮) **શ્રી સ્વા.મંદિર - વરજાંગ જાળિયા** ફો. ૯૮૭૯૬ ૯૧૮૯૬ (૯) **ધર્મવલ્લભ સ્વામી - વડતાલ** ફો. ૯૮૨૫૨ ૩૪૩૬૨ (૧૦) **મનસુખભાઈ દહિસર** ફો. ૦૨૨-૩૨૭૬૦૧૨૪ (૧૧) **નાથાલાલ તથા ગોરધનભાઈ - અમદાવાદ** - ફો. ૯૮૨૫૪ ૪૮૫૯૭ (૧૨) **મહેન્દ્રભાઈ તથા કરશનભાઈ - રાજકોટ** ફો. ૦૨૮૧-૨૨૨૫૪૨૭ (૧૩) **દુર્લભજીભાઈ - નવસારી** ફો. ૦૨૬૩૭-૨૩૩૬૪૯ (૧૪) **અશોકભાઈ વિદ્યાનગર** ફો. ૯૮૭૯૭ ૫૮૫૧૪ (૧૫) **કાંતિભાઈ તથા કરશનભાઈ પુના** ફો. ૦૯૪૨૨૦૦૮૧૬૪



શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## ચાલો... ગઢપુર... પધારો... ગઢપુર...

### આવ્યો ઉત્સવ આજ આપણે આંગણીએ

### જાહેર નિમંત્રણ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી તેમજ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ ગાદીના પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદ રૂપ આજ્ઞાથી તેમજ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજના સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભવ્ય

# રજત-દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ

| :: પ્રારંભ :: | :: પૂર્ણાહુતિ :: |
|---|---|
| તા. ૨૪-૧૦-૨૦૦૬ | તા. ૩૦-૧૦-૨૦૦૬ |
| કારતક સુદ -૨ (ભાઈબીજ) | કારતક સુદ -૮ (આઠમ) |



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ

સહર્ષ જણાવવાનું કે, ભગવાન શ્રીહરિએ જેને પોતાનું ઘર માનેલું છે તેવા મહાન પ્રસાદીભૂત સ્થાન ગઢપુરને આંગણે અતિ ભવ્યતાથી ભવ્ય આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રી ગોપીનાથજી મહારાજના સાંનિધ્યમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો ભવ્ય **'રજત-દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ'** તેમજ **'શ્રી વાસુદેવનારાયણ પ્રાણ પ્રતિષ્ઠા દ્વિશતાબ્દી મહોત્સવ'**નું ભવ્ય આયોજન રાખવામાં આવેલ છે.

**:: આયોજક ::**

શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આશ્રિત
વડતાલ, ગઢડા, જૂનાગઢ, ધોલેરા દેશના ત્યાગી-ગૃહસ્થ સત્સંગ સમાજ

**:: મહોત્સવ સ્થળ ::**

**'શ્રી ગોપીનાથજી મહારાજના સાંનિધ્યમાં'**
ગઢડા (સ્વામિનારાયણ), જી. ભાવનગર
ફો. નં. ૦૨૮૪૭ - ૨૫૨૮૦૦, ૯૦૦, ૭૦૦

**:: ખાસ નોંધ ::**

**આ મહોત્સવની વધુ કાર્યક્રમની રૂપરેખા આવતા (મે મહિનાના) અંકમાં આપવામાં આવશે.**
























પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત અને ભવ્ય ૩૩મો

## જન્મજયંતી મહોત્સવ અને રંગપંચમીનો રંગોત્સવ - રાજકોટ

(તા. ૨૦-૩-૨૦૦૬, ફાગણ વદ - ૫, રંગપંચમી)

૧. જન્મજયંતી મહોત્સવમાં પધારેલા હજારો હરિભક્તોની શુભેચ્છાઓ અને વધાઈરૂપી ભાવાજંલી સ્વીકારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. પ.પૂ. લાલજી મહારાજશ્રીને જન્મદિને પુષ્પમાળા અર્પણ કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૩. સુશોભિત રત્નજડિત હાર કંઠ ધારણ કરીને સભામાં દર્શન આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. સુશોભિત રત્નજડિત હાર ધારણ કરીને હરિભક્તોને સમીપ દર્શન આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મદિને નૃત્ય દ્વારા સ્વાગત કરતા શ્રીહરિકૃષ્ણ મંડળ - રાજકોટના બાળકો. ૬/૭. અનેક શહેરો, નગરો અને ગામેગામથી પધારેલ વિશાળ હરિભક્ત સમુદાય.

























## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. સરધારમાં નૂતન સભામંડપમાં સિંહાસનમાં બિરાજમાન ભગવાન શ્રીહરિની ચિત્ર-પ્રતિમાની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. સરધારમાં નવનિર્માણ પામી રહેલ શિખરબધ્ધ મંદિરનું નિરક્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને સાથે પૂ. સ્વામી તથા સંતો-ભક્તો. ૩. ખીજડીયા (જં) ગામમાં પારાયણ પ્રસંગ સભામાં પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪. ખીજડીયા (જં) ગામમાં પારાયણ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન ને અમૃતવાણીનો લાભ લેવા ઉમટેલો વિશાળ હરિભક્ત સમુદાય. ૫. ખોપાળામાં બિરાજમાન દેવોની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. ખોપાળામાં દેવોના ૧૮મો પાટોત્સવ નિમિત્તે ઠાકોરજીનો પંચામૃત જળે કરીને અભિષેક કરતા પૂ. સંતો. ૭. કોટડા (પીઠા) ગામમાં યોજાયેલ કથા-પારાયણ પ્રસંગે પટ્ટાભિષેક મહોત્સવમાં ઠાકોરજીનો અભિષેક કરતા પૂ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી. ૮. વડોદરાના શરુપુર (ટીંબી)માં પારાયણ પ્રસંગે સભામાં વિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી.


1


2


3


4


5


6


7


8

## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ વિવિધ કાર્યક્રમોની તસ્વીર દર્શન

૧. અગતરાયમાં પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રામાં જોડાયેલ હજારો સોરઠવાસી ભક્તજનો. ૨. અગતરાય મહિલા મંદિરમાં પ્રતિષ્ઠાવિધિની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. અગતરાયમાં યોજાયેલ સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદનો લાભ લેતા હરિભક્તો. ૪. વરજાંગ જાળિયામાં સત્સંગ સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદનો લાભ લેતા હરિભક્તો. ૫. વરજાંગ જાળિયામાં ભગવાન શ્રીહરિના મંદવાડ ગ્રહણ સ્થાનના ભાવથી દર્શન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. ખસ ગામમાં પારાયણ પ્રસંગે પધારેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીની સ્વાગત શોભાયાત્રામાં જોડાયેલ વિશાળ હરિભક્ત સમુદાય. ૭. દેવગામપાટિયે યોજાયેલ પારાયણમાં આશીર્વાદ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. દેવગામપાટિયે યોજાયેલ પારાયણમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીની અમૃતવાણીનો લાભ લેતા હજારો હરિભક્તો.











## પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ ઉત્તર ભારત સ્પેશ્યલ ટ્રેન યાત્રા

૧. રાજકોટથી ઉત્તરભારતની તીર્થયાત્રાએ જતી સ્પેશ્યલ ટ્રેનના યાત્રિકોને આશીર્વાદ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. ટ્રેનયાત્રાનું શ્રીફળ, કુંકુમતથા પુષ્પોથી પૂજન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. ત્રિવેણી સંગમ- અલ્હાબાદના કિનારે યાત્રિકોને તીર્થનું માહાત્મ્ય સમજાવતા પૂ. સંતો. ૪. જન્મભૂમિછપૈયા મંદિરના પ્રાંગણમાં પૂ. સંતો તથા યાત્રિકો. ૫. ચૈત્ર સુદ - નવમીના રોજ ભગવાન શ્રીહરિના પ્રાગટ્યનો ઉત્સવ માણી રહેલા પૂ. સંતો તથા યાત્રિકો. ૬. છપૈયાધીશ શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરતા પૂ. સ્વામી શ્રી ભક્તિસંભવદાસજી તથા અન્ય સંતો. ૭. છપૈયામાં પ્રસાદીના સ્થાનોમાં દર્શને જતાં પૂ. સંતો તથા યાત્રિકો. ૮. હરિદ્વારમાં ગંગા નદી કિનારે સમુહ આરતીનો લાભ લેતા યાત્રિકો.

























પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ ભગવાન શ્રીહરિનો

# રજત - દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ - આણંદ

૧. મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. ૨૨૫મો પ્રાગટ્ય મહોત્સવે યોજાયેલ હરિયાગ યજ્ઞનું બીડું હોમતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીને પુષ્પમાળા પહેરાવી સ્વાગત કરતા વક્તા પૂ. સ્વામીશ્રી - સરધાર. ૪. ચૈત્ર સુદ - નવમીના દિવસે ઠાકોરજીને પારણે ઝુલાવી આરતી પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી તથા વિશાળ હરિભક્ત સમુદાય. ૫. શ્રીહરિના ગાદી પટ્ટાભિષેક મહોત્સવમાં ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૬. ચરોતરના ભક્તજનોને દિવ્ય આશીર્વાદ વરસાવતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. પારાયણ અંતર્ગત અન્નકુટ મહોત્સવની આરતી ઉતારતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી. ૮. બાર બારણાંના હિંડોળે ઠાકોરજીને ઝુલાવતા પ.પૂ. નાના લાલજી મહારાજશ્રી.


1


2


3


4


5


6


7


8


પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ ભગવાન શ્રીહરિનો

## રજત - દ્વિશતાબ્દી પ્રાગટ્ય મહોત્સવ - માણાવદર

૧. માણાવદરને આંગણે યોજાયેલ પારાયણ પ્રસંગે શોભાયાત્રામાં દર્શન આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨/૩. માણાવદરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભવ્ય સ્વાગત શોભાયાત્રામાં ઉમટેલ સોરઠ દેશના હજારો હરિભક્તો. ૪. માણાવદર મહોત્સવમાં હજારો જનમેદની વચ્ચે સભામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૫. પ.પૂ. લાલજી મહારાજશ્રીના દર્શન અને અમૃતવાણીને માણવા માટે આવેલ સોરઠ વિસ્તારના વિરાટ હરિભક્ત સમુદાય. ૬. સોરઠના ભક્તજનોને આશીર્વાદનો અમૃતલાભ આપતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૭. વડોદરા કારેલીબાગ ખાતે યોજાયેલ શાકોત્સવ તેમજ સત્સંગ સભામાં દિપ પ્રાગટ્ય કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. સરધાર માસિક સભામાં પૂ. સ્વામીશ્રીના મુખેથી વચનામૃતનું રસપાન કરી રહેલા સંતો-હરિભક્તો.

Shree Swaminarayan Chintan, Aprl.2006 Reg. No. GRJ - 517/05 Reg. No. RNI No. GUJGUJ10785/06/1/03 - TC

11.The Format Of imprinline is reproduced as your imprint line does not contain complete details of....... (a) Printed By P.V. Dixit, Published by Viraktaswarup Swami on behalf of (or owned by) Shree Swaminarayan Mandir-Sardhar and printed at Sahjanand Press, 80 feet Road, Rajkot. (name of printing press with full address) and published from Sardhar (place of publication with full address). Editor Divyaswarup Swami. (only Editor word is accepted as per PRB Act in the imprint line.)



1



2

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદાત્મક આજ્ઞાથી યોજાયેલ પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજનો અદ્‌ભૂત અને ભવ્ય ૩૩મો

## જન્મજયંતી મહોત્સવ અને રંગપંચમીનો રંગોત્સવ - રાજકોટ

(તા. ૨૦-૩-૨૦૦૬, ફાગણ વદ - ૫, રંગપંચમી)

૧. સુશોભિત રત્નજડિત હાર હજારો ભક્તોના હૈડાના હાર એવા પ.પૂ. લાલજી મહારાજશ્રીના કંઠમાં પહેરાવીને સત્કારતા પૂ. વડિલ સંતો. ૨. ઠાકોરજીના પ્રાસાદિક અબીલ-ગુલાલ સહિત કેસરીયા રંગનું પિચકારી વડે સંતો-હરિભક્તો પર રંગવર્ષણ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

છબીકલા : શ્રીહરિ ડીજીટલ ફોટોગ્રાફી - સરધાર-સુરત. મો. ૯૮૯૮૭ ૬૬૭૦૩, ૯૯૨૫૦ ૩૦૨૫૦

Shreeji Art (079) 32928299, 9879606686